માર્ચ ૨૦૨૪

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦

શુકલધ્યાનના ચાર પાયા છે.
'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ બેઠું પણ
અસ્પષ્ટ વેદન એ પહેલો પાયો.
પછી બીજો પાયો સ્પષ્ટ વેદનનો છે.
બહારનું બધું જ્ઞાનથી છૂટે
ત્યારે સ્પષ્ટ વેદન થાય.
ત્રીજા પાયામાં કેવળજ્ઞાન,
જે લોકાલોક બધું જ દેખાડે અને
ચોથો પાયો, મોક્ષ.





## અડાલજ : જ્ઞાની પુરુષ દાદાશ્રીની પુણ્યતિથિ : તા. ૨ જાન્યુઆરી ૨૦૨૪









## અડાલજ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૬- ૭ જાન્યુઆરી ૨૦૨૪



## મુંબઈ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૨ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૪










વર્ષ : ૨૯, અંક : ૭
સળંગ અંક : ૩૪૩
**માર્ચ ૨૦૨૪**
પાનાં : ૨૪

**Editor : Dimple Mehta**
© 2024
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## શુદ્ધાત્મા પદથી કેવળજ્ઞાન સ્વરૂપનો પુરુષાર્થ

### સંપાદકીય

આ જગતની વાસ્તવિકતા શું છે એ હકીકતનું વર્ણન તીર્થંકર ભગવંતોએ કેવળજ્ઞાનમાં જોઈને કહ્યું છે. આ જગત મૂળ સ્વરૂપે છ સનાતન તત્વોથી બનેલું છે, જેમાંનું એક તત્વ એ 'આત્મતત્વ,' એ જ પોતે અને એ જ રિયલાઈઝ કરવાનું છે. આત્મા જે પોતાનું સ્વરૂપ છે, એ અવિનાશી વસ્તુને સમજવી, ઓળખવી કેવી રીતે ? એનો અનુભવ કેવી રીતે કરવો ? એની ઓળખાણ તો કો'ક અનુભવી જ્ઞાની પુરુષ હોય તે જ કરાવી શકે.

જ્ઞાન પછી મહાત્માઓને મહીં શેનું ધ્યાન રહે છે ? 'હું ચંદુભાઈ છું' એ કે 'હું શુદ્ધાત્મા છું' એ ? લગભગ બધાને 'હું શુદ્ધાત્મા છું' એ જ રહ્યા કરે છે. ભૂલવા જાય તોય ના ભૂલાય એ ! એને 'શુક્લધ્યાન' કહ્યું. શુક્લધ્યાનના ચાર પાયા છે. પહેલો પાયો અસ્પષ્ટ વેદન, જે અક્રમના મહાત્માઓને રહે, 'હું શુદ્ધાત્મા છું' એનું લક્ષ બેઠું પણ એ અસ્પષ્ટ વેદન હોય. બીજો પાયો પરમ પૂજ્ય દાદાશ્રી સ્વયં જેમાં રહેતા જે સ્પષ્ટ વેદનનો છે. ત્રીજા પાયામાં કેવળજ્ઞાન અને ચોથો પાયો મોક્ષ.

શુદ્ધાત્માનું લક્ષ બેઠું એ તો વસ્તુ સ્વરૂપનું પહેલું 'પરું' છે. પછી એવા કેટલાયે પરા આવે. જેમ જેમ અનુભવ વધતા જાય ને, તેમ તેમ આગળનું 'પરું' આવતું જાય, સ્ટેશન બદલાતું જાય. દાદાશ્રી હંમેશાં કહેતા કે આ શુદ્ધાત્માનું પદ, એ તમને પહેલા સ્ટેશને અમે ઉતારી દીધા છે. મોક્ષની બાઉન્ડ્રીમાં શુદ્ધાત્મા એ પહેલું સ્ટેશન, ત્યાંથી સેન્ટ્રલ સ્ટેશન તરફ જાય એટલે કે કેવળજ્ઞાનનું છેલ્લું સ્ટેશન આવે.

મહાત્માઓને એ આગળની શ્રેણીઓ ચઢવા દાદા ભગવાનની પાંચ આજ્ઞાની આરાધના અંતિમ ધ્યેય પ્રાપ્ત કરાવશે જ. દાદા ભગવાનની કૃપાથી શુદ્ધાત્મા પદને પામી એ અસ્પષ્ટવેદન પ્રાપ્ત થયું છે. હવે આ ભવમાં આત્મપુરુષાર્થથી આત્માના સ્પષ્ટવેદન સુધી પહોંચવું છે. જ્યારે પોતાને આત્માનું સ્પષ્ટવેદન થશે ત્યારે પોતાનું સ્વરૂપ દેખાશે, કે જે નિરાલંબ છે, કેવળજ્ઞાન સ્વરૂપ છે. એ પોતાનું કેવળજ્ઞાન સ્વરૂપ દેખાવું, જાણવું ને અનુભવવું એ આ ભવનો અંતિમ ધ્યેય છે.

આપણે સહુ આ ધ્યેયને પૂરો કરવા રોજ પાંચ આજ્ઞામાં અવશ્ય રહીએ, ફાઈલ નંબર એકના કષાયરૂપી દોષોની ગાંઠોનો નિકાલ કરીએ, શુદ્ધ ઉપયોગમાં રહી પ્રકૃતિને જુદી જોવી, 'હું કરું છું, તું કરે છે, તેઓ કરે છે,' એમાં કોઈ કર્તા ના દેખાય, કોઈ દોષિત ના દેખાય, દરેકમાં શુદ્ધાત્મા દેખાય. આજ્ઞા ૭૦ ટકા સિદ્ધ થાય એ પુરુષાર્થમાં જ રહીએ. હવે જેમ જેમ ફાઈલોનો નિકાલ થાય તેમ જ્ઞાતા-દ્રષ્ટાપણું વધે. ત્યાર પછી આગળ કેવળજ્ઞાન સ્વરૂપ દેખાય, અનુભવાય એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# શુદ્ધાત્મા પદથી કેવળજ્ઞાન સ્વરૂપનો પુરુષાર્થ

## નિશ્ચય : ધ્યેય : નિયાણું

**પ્રશ્નકર્તા :** ધ્યેય અને નિશ્ચય, એ બેને કંઈ સંબંધ ખરો ?

**દાદાશ્રી :** નિશ્ચય તો નાનું કહેવાય. ધ્યેય તો જુદી વસ્તુ. નિશ્ચય તો જુદા જુદા કરવા પડે. ધ્યેય તો એક જ આત્મા પ્રાપ્ત કરવાનો ને મોક્ષે જવાનો જે કહો તે, એક જ શબ્દ ધ્યેય. નિશ્ચય તો જાતજાતના.

**પ્રશ્નકર્તા :** નિશ્ચય બધા વ્યવહારિક પણ હોય ?

**દાદાશ્રી :** એ નિશ્ચય ગણતરીમાં જ ગણાય.

**પ્રશ્નકર્તા :** આ નિયાણું કહે છે, મોક્ષનું નિયાણું ?

**દાદાશ્રી :** નિયાણું એટલે અત્યાર સુધી બધું જે જે કર્યું હોય આપણે, આત્મા માટે તપ-જપ બધું કર્યું હોય, તે આપણે કર્યું એટલે આપણી પાસે છે સિલ્લક, એને જેના માટે વાપરવી હોય તેમાં વાપરવાની છૂટ હોય આપણને. એટલે કહીએ કે અમેરિકા ખલાસ થઈ જાય, એવું નિયાણું કરે ને, એટલે પછી બધી આપણી સિલ્લક ત્યાં વપરાઈ જાય.

**પ્રશ્નકર્તા :** એટલે સંસાર હેતુમાં વપરાઈ જાય, નિયાણું.

**દાદાશ્રી :** હા, પોતે આમ અહંકાર કરે ને, તે વપરાઈ જાય. આમ કરી નાખું, એમાં વપરાઈ જાય પછી.

**પ્રશ્નકર્તા :** ત્રણ શબ્દો; મોક્ષનું નિયાણું, શુદ્ધાત્માનો નિશ્ચય અને કલ્યાણની ભાવના, એટલે કે આ ત્રણનો શું સંબંધ એમ ?

**દાદાશ્રી :** નિયાણું મોક્ષનું કરવું, નહીં તો કોઈ જોડે ચડસાચડસી થઈ જાય. મોક્ષ સિવાય બીજું કંઈ જ જોઈએ નહીં એવું નિયાણું હોય. એટલે આપણી બધી કમાણી એમાં વપરાય પછી.

'હું શુદ્ધાત્મા છું' એ નિશ્ચય ડગવો ના જોઈએ. એ જે નિર્ણય થયો છે એ નિર્ણય બદલાવો જોઈએ નહીં.

**પ્રશ્નકર્તા :** અને જગત કલ્યાણની ભાવના એમ.

**દાદાશ્રી :** બસ, આપણું જે કલ્યાણ થયું એવું લોકોનું હો.

**પ્રશ્નકર્તા :** આ મહાત્માઓને શુદ્ધાત્માનો ધ્યેય પ્રાપ્ત થયો છે, મોક્ષનો ધ્યેય, તો આ ધ્યેયમાંથી ચલિત થાય, તો ફરી ધ્યેયમાં સ્થિર થવું હોય તો કેવી રીતે બની શકે ?

**દાદાશ્રી :** ચલિત થાય, એનું નામ ધ્યેય ના કહેવાય. ધ્યેય એટલે બધું જ મારું આ, સર્વસ્વ બધું.

**પ્રશ્નકર્તા :** એટલે પહેલાં ધ્યેય મજબૂત થવાની જરૂર. તો એ મજબૂત કેવી રીતે થઈ શકે ?

**દાદાશ્રી :** ધ્યાતા છે તે ધ્યેયનું ધ્યાન કરી અને ધ્યેય સ્વરૂપ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** એમાં ધ્યાતા કોણ ?

**દાદાશ્રી :** પોતે.

**પ્રશ્નકર્તા :** અને ધ્યેય ?

**દાદાશ્રી :** આત્મસ્વરૂપ.

**પ્રશ્નકર્તા :** એ ધ્યેયસ્વરૂપ થવા માટે કેવી રીતે ધ્યાન કરે ?

**દાદાશ્રી :** આ આજ્ઞા આપી છે. એ 'હું શુદ્ધાત્મા છું' એ ધ્યાન રહેવું જોઈએ.

## શુદ્ધાત્માનું ધ્યાન એ જ શુક્લધ્યાન

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્માનું ધ્યાન કેવી રીતે કરવાનું ?

**દાદાશ્રી :** હવે તમારે ધ્યાન કરવાનું કશું રહ્યું નથી. ધ્યાન ક્યારે કરવાનું હોય કે ધ્યેય પ્રાપ્ત કરવાનો હોય ત્યારે. ધ્યેય નક્કી કરે, ધ્યાતા પોતે થાય અને પછી ધ્યેય ને ધ્યાતાનું અનુસંધાન ધ્યાનથી થાય.

દરેક માણસ પોતાનો ધ્યેય નક્કી કરે ને કે મારે સ્વરૂપ પ્રાપ્ત કરવું છે, તો તમારું સ્વરૂપ શુદ્ધાત્મા છે. અને તમે ચંદુભાઈ છો એટલે તમે ધ્યાતા થયા ને શુદ્ધાત્મા એ ધ્યેય છે અને એ બેનો સાંધો મળે ત્યારે ધ્યાન કહેવાય. એ બેનો એકતાર થાય, તે એકતાને ધ્યાન કહે છે. હવે એ ધ્યાનથી પોતે શુદ્ધાત્મા થઈ જાય. હવે એ ક્રમિક માર્ગનો રસ્તો છે. ધ્યાતા, ધ્યેય ને ધ્યાનનો ! અને આ અક્રમ માર્ગમાં તો તમે પોતે ધ્યેય સ્વરૂપ જ થઈ ગયા ને ! પોતાને શુદ્ધાત્માનું લક્ષ બેઠું કે 'હું શુદ્ધાત્મા છું', એટલે પછી ધ્યાન કરવાનું એને રહ્યું નહીં હવે !

શુક્લધ્યાન તો આ કાળમાં ક્રમિક માર્ગે ઉત્પન્ન થાય તેવું છે જ નહીં. આ તો આ જ્ઞાન આપીએ છીએ ને, તેથી ઉત્પન્ન થાય છે. શુક્લધ્યાન ને આત્મધ્યાન એક જ ગણાય છે. હવે આ તો કમ્પ્લીટ આત્માનું ધ્યાન થયું, એનું નામ શુક્લધ્યાન.

## શુક્લધ્યાન : પ્રત્યક્ષ મોક્ષનું કારણ

**પ્રશ્નકર્તા :** શુક્લધ્યાન એટલે શું ?

**દાદાશ્રી :** શુક્લધ્યાન એટલે 'હું શુદ્ધાત્મા છું' એવું નિરંતર ધ્યાન રહે તે. તે તૂટક તૂટક ના હોવું જોઈએ, નિરંતર હોવું જોઈએ. શુક્લધ્યાન એટલે શાશ્વતી વસ્તુનું ધ્યાન ઉત્પન્ન થવું તે અને ધર્મધ્યાન એ અવસ્થાનું, અશાશ્વતી વસ્તુનું ધ્યાન ઉત્પન્ન થવું તે.

શુક્લધ્યાન એટલે શું કે પોતાના નિજ સ્વરૂપનું જ ભાન થવું અને જાણવું. સામામાં શુદ્ધાત્મા જોવો. એ ચોરી કરતો હોય તો પણ આપણે એના આત્માને શુદ્ધ જ જોઈએ. ગમે તે કરતો હોય, એ બધું વ્યવસ્થિતને તાબે છે પણ આત્માનું કાર્ય નથી આ. એટલે આપણે શુદ્ધ જ જોઈએ. શુદ્ધ જોવું અને શુદ્ધનો કંઈક અનુભવ થવો એ શુક્લધ્યાન.

શુક્લધ્યાન એટલે જેમ છે તેમ જગત જોવું અને સમભાવે નિકાલ જેને કરવો છે, તેને શુક્લધ્યાન સારી રીતે રહે. શુક્લધ્યાન એટલે પોતાના સ્વરૂપની રમણતા સિવાય બીજું કોઈ પણ ધ્યાન નહીં, પોતે પોતાના ધ્યાનમાં હોય એ શુક્લધ્યાન. પોતાનું સ્વરૂપ પોતાના ધ્યાનમાં રહે છે એ શુક્લધ્યાન છે અને શુક્લધ્યાન એ પ્રત્યક્ષ મોક્ષનું કારણ છે.

'હું શુદ્ધાત્મા છું' એનું નિરંતર લક્ષ રહે છે ?

**પ્રશ્નકર્તા :** નિરંતર રહે છે, દાદા.

**દાદાશ્રી :** એ આત્મધ્યાન કહેવાય છે, એ શુક્લધ્યાન કહેવાય છે. બોલો, શુક્લધ્યાન પ્રત્યક્ષ મોક્ષનું કારણ છે, નહીં તો એક ઘડીવાર આત્મા યાદ ના રહે. એક અજાણ્યો માણસ હતો ને, તે શુદ્ધાત્મા જાણી લાવ્યો. તે પછી બીજે દા'ડે છે, તે મનમાં યાદ કરવા માંડ્યો. પેલો શબ્દ શું હશે, પેલો શબ્દ શું હશે ? પા કલાક સુધી યાદ ના આવ્યું. એ યાદગીરી નથી આ. આ તો સાક્ષાત્કાર છે અને અભેદતા છે.

## શુક્લધ્યાન : પહેલો પાયો અસ્પષ્ટ વેદન

શુક્લધ્યાનના ચાર પાયા; એમાં આ પહેલો પાયો છે. આ શુદ્ધાત્માનું લક્ષ એ શુક્લધ્યાન કહેવાય. શુક્લધ્યાન એટલે આત્માનું વેદન થાય. એટલે અસ્પષ્ટ વેદન થાય. વસ્તુ છે એ નક્કી થઈ ગયું. વસ્તુ છે એવું ભાન થયું આપણને, પણ

એનું સ્પષ્ટ વેદન નથી થયું. 'શુદ્ધાત્મા છું' એ લક્ષ બેઠું પણ અસ્પષ્ટ વેદન એ પહેલો પાયો, બીજો પાયો સ્પષ્ટ વેદન.

**પ્રશ્નકર્તા :** નિરંતર લક્ષ એમાં રહેતું હશે ?

**દાદાશ્રી :** ના, લક્ષ રાખવાનું નહીં. સ્પષ્ટ વેદન ક્યારે થાય ? બહાર દર્શનમાં બધું તમને આવી ગયું છે, પણ રૂપકમાં નથી આવ્યું અને રૂપકમાં આવે ત્યારે સ્પષ્ટ વેદન થાય. અમુક ભાગ રૂપકમાં આવી ગયો, પણ આ ધંધા-રોજગાર, બીજા બધામાંથી સમજથી છૂટી ગયા છીએ, પણ જ્ઞાનથી છૂટ્યા નથી. એટલે જ્ઞાનથી છૂટે ત્યારે સ્પષ્ટ વેદન થાય. એ સ્પષ્ટ વેદન થાય એ બીજો પાયો. પછી ત્રીજો પાયો કેવળજ્ઞાન, બધું જ દેખાડે.

**પ્રશ્નકર્તા :** લોકાલોક.

**દાદાશ્રી :** લોકાલોક. અત્યારે લોકાલોક અમને સમજાય ખરું પણ રૂપકમાં ના આવે. એટલે કેવળ દર્શનમાં ખરું.

અત્યારે આ પહેલો પાયો થઈ ગયો, તે બહુ થઈ ગયું. પછી આપણે કામ જ શું ? જૈનો તો શું કહે, પહેલો પાયો, ઓહોહો ! આ તો ભગવાન થઈ ગયો ! બારમા ગુંઠાણા વગર પહેલો પાયો ના આવે. દશમા ગુંઠાણા સુધી કોઈ દહાડો પહેલો પાયો અડે નહીં. એ પહેલો પાયો આ તમને પ્રાપ્ત થયો છે ! અગિયારમું ગુંઠાણું એ પડવાનું સ્થાન છે.

દસમા ગુંઠાણા સુધી લોભ હોય, સૂક્ષ્મ લોભ હોય. એ લોભ જ્યાં સુધી તૂટે નહીં ત્યાં સુધી બારમું ગુણસ્થાનક આવે નહીં. પછી ગમે તે રીતે લોભ તૂટે, ક્રમિકથી કે અક્રમથી. પણ લોભ તૂટે ત્યારે બારમું ગુંઠાણું સ્પર્શે. જ્યાં સુધી લોભ હોય ત્યાં સુધી અહંકાર જાય નહીં.

શાસ્ત્રકારોએ ના પાડી છે કે શુક્લધ્યાન આ કાળમાં નથી. શુક્લધ્યાન એટલે જગતમાં જેમ છે તેમ જોવું. પહેલા 'હું ચંદુભાઈ છું' અને 'આ સ્થાનકવાસી છું' એવું બધું ધ્યાનમાં રહેતું હતું. હવે 'હું શુદ્ધાત્મા છું' એ તમારા ધ્યાનમાં રહે. રહે છે કે નથી રહેતું ?

**પ્રશ્નકર્તા :** હા, રહે છે.

**દાદાશ્રી :** એ ધ્યાન શુદ્ધાત્માનું ધ્યાન, એ જ શુક્લધ્યાન. હવે શુક્લધ્યાનનો પહેલો પાયો તો શા આધારે રાખ્યો છે અસ્પષ્ટ ? જ્ઞાન-દર્શન-ચારિત્રને ભિન્નતાથી જુએ છે એ.

**પ્રશ્નકર્તા :** અભેદથી નથી જોતા.

**દાદાશ્રી :** હા, અભેદ રીતે નથી જોતા. તમને તો પ્રતીતિમાં અભેદ થયેલું છે અને નિરંતર પ્રતીતિ છે આ. એટલે ક્ષાયક સમકિત છે આ, કેવળદર્શન છે આ. પ્રતીતિ નિરંતર બેસી ગઈ, તો હવે આની પાછળ ખૂબ પડજો.

## ધ્યેય રાખવો શુદ્ધ ઉપયોગનો

**પ્રશ્નકર્તા :** નિશ્ચય કર્યો હોય કે દાદાની પાસે રહીને કામ કાઢી લેવું છે, પાંચ આજ્ઞામાં રહેવું છે અને છતાં એમાં કાચા પડી જવાય, એને માટે શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** લે, શું કરવું જોઈએ એટલે ? મન કહે કે 'આમ કરો' તો આપણે જાણીએ કે આ આપણા ધ્યેયની બહાર છે ઊલટું. દાદાજીની કૃપા ઓછી થઈ જશે. એટલે મનને કહીએ કે 'નહીં, આ આમ કરવાનું ધ્યેય પ્રમાણે.' દાદાજીની કૃપા શી રીતે ઊતરે એ જાણ્યા પછી આપણે આપણી ગોઠવણી હોવી જોઈએ.

તારો ધ્યેય શું થવું છે ?

**પ્રશ્નકર્તા :** દાદા જેવા થવું છે.

**દાદાશ્રી :** એ પાછું ક્યાં ઘાલ્યું ? દાદા જેવા થઈને શું કાઢવું છે ? શુદ્ધ થવાનું રાખ ને ! આપણે મોક્ષે જવાની વાત કરો. આમ દાદા જેવા થવું છે, આમ થવું છે એવો ભાવ કશો ના

કરવો જોઈએ. એ મર્યો જાણો, લટક્યો. આપણી પાસે શુદ્ધ ઉપયોગ ને એ બધા સાધન છે. અને શુદ્ધ થયા એટલે દાદાથી વધ્યા. દાદા જેવા નહીં, દાદાથી વધ્યા. આપણે આમ થવું છે, શા માટે ? આવો હેતુ બાંધવો નહીં, શુદ્ધ જ રહો.

**પ્રશ્નકર્તા :** પછી જે થાય તે.

**દાદાશ્રી :** એનું ફળ જે આવે તે. બાકી આમ થવું છે એ ભાવ તો બંધનકારી છે.

**પ્રશ્નકર્તા :** અમુક ધ્યેય નક્કી કર્યો હોય ને, તો એ પ્રમાણે થોડું જલદી ચાલ્યા કરે.

**દાદાશ્રી :** ધ્યેય આ જ નક્કી કરવાનો, શુદ્ધ ઉપયોગ. ને શુદ્ધ જ છીએ આપણે. નહીં તો પેલું પોતાપણું રહ્યા કરે ત્યાં. તમારે શુદ્ધ ઉપયોગ પોતાપણા રહિત કહેવાય.

'હું શુદ્ધાત્મા છું' એ દષ્ટિ રાખવી એ 'શુદ્ધ ઉપયોગ.' સામામાં શુદ્ધાત્મા દેખવો એ 'શુદ્ધ ઉપયોગ.' સામો કર્તા ના દેખાય તેય 'શુદ્ધ ઉપયોગ' ! 'શુદ્ધ ઉપયોગ' એ સંપૂર્ણ ચારિત્રનું કારણ છે, ઠેઠનું ચારિત્ર કે જેમાં ભગવાન હતા !

## પાંચ આજ્ઞાથી આવે શુદ્ધ ઉપયોગ

**પ્રશ્નકર્તા :** આપણા મહાત્મા જેમ જેમ જ્ઞાનને ઉપયોગમાં લાવે, તેમ તેમ તેમની જ્ઞાન અવસ્થા વધતી જાય કે પછી જ્ઞાન મળ્યા બાદ ઉપયોગ ન રાખવા છતાંય આપની કૃપાથી જ્ઞાનમાં સંપૂર્ણતા આવે જ ?

**દાદાશ્રી :** ઉપયોગમાં જ રહેવું જોઈએ. ઉપયોગ સંસારમાં હોય અને આપણું જ્ઞાન વધ્યા કરે એવું બને નહીં. સંસાર નિકાલી બાબત છે, નિકાલી બાબતમાં ઉપયોગ ના હોય. જે બને એ જોયા કરવાનું.

**પ્રશ્નકર્તા :** દાદા, તો સાચો ઉપયોગ કેવી રીતે રાખવો એ સમજાવો.

**દાદાશ્રી :** પાંચ આજ્ઞા એ સાચો ઉપયોગ જ છે. તમે બધામાં શુદ્ધાત્મા જુઓ, આ ફાઈલ છે એવું જુઓ તોય શુદ્ધાત્મા જોયો કહેવાય કે શુદ્ધાત્મા જુઓ તોય ફાઈલ થઈ ગઈ. એટલે આ પાંચ આજ્ઞા એ જ ઉપયોગ છે. એથી પછી જ્ઞાન ઉપયોગ વધતો જાય અંદર. ખરો ઉપયોગ વધતો જાય. આ વાડ છે ઉપયોગમાં રહેવાની. ઉપયોગ રાખ્યા સિવાય જ્ઞાન વધે જ નહીં કોઈ દહાડોય. ઉપયોગ એટલે અત્યાર સુધી સંસારમાં ઉપયોગ હતો, આત્મા વર્તતો હતો સંસારમાં, તે હવે આત્મા આત્મામાં વર્તે, એનું નામ ઉપયોગ. આત્મા આત્મામાં વર્તે શી રીતે ? ત્યારે કહે, છોકરો દૂધ ઢોળતો હોય, તે જોયા કરે. ત્યાં જઈને વાળે ખરો. આપણે ત્યારે ચંદુલાલને કહેવું કે બાબાને વાળો, કષાય નહીં કરવાના, ઈમોશનલ નહીં થવાનું.

## પોતાના શુદ્ધત્વમાં ફેરફાર નહીં

**પ્રશ્નકર્તા :** અહીંયાં સત્સંગમાં બેઠા હોઈએ અને બધામાં આપણે શુદ્ધાત્મા જોઈએ એ શુદ્ધ ઉપયોગ કહેવાય ?

**દાદાશ્રી :** હા, તે બધામાં શુદ્ધાત્મા જોઈએ પણ કો'ક આવીને ધોલ મારે અને એનામાં શુદ્ધાત્મા ના દેખાય તો આપણે જાણવું કે ન્હોય શુદ્ધ ઉપયોગ. પોલીસવાળો જેલમાં લઈ જતો હોય, તે ઘડીએ પોલીસવાળામાં શુદ્ધ જ દેખાય આત્મા ત્યારે ખરું ! બૈરી ગાળો ભાંડતી હોય, તે ઘડીએ બૈરીમાં આત્મા શુદ્ધ દેખાય ત્યારે સાચું. એવો આત્મા તમને આપ્યો છે, તમારે જાણવાની જરૂર. મેં કેવો આત્મા આપ્યો છે ? નિવ્વળ શુદ્ધ આત્મા આપ્યો છે. ક્યારેય પણ પાછો હતો એવો ના થઈ જાય. એટલે તમારી તૈયારી જોઈશે.

પોતે શુદ્ધાત્મા તો થયા એટલે પોતે 'શુદ્ધ જ છું' એવું માનવાનું. વખતે ચંદુભાઈમાં છે તે કર્મનો ઉદય કોઈ એવો હોય પૂર્વનો, જે સંસારના લોકોને

ઘૃણા ઉત્પન્ન થાય એવો હોય. તોય તમારે તમારું શુદ્ધત્વ જે છે, એનામાં ફેરફાર ના થવો જોઈએ. મેં તમને શુદ્ધ સ્વરૂપ આપેલું છે. પછી ઉદયકર્મ જો ગમે તે ભરેલાં હોય, તે નીકળ્યા કરે. પોતાનાથી ખરાબ કામ થઈ ગયું તો પોતાની જાતને હું બગડી ગયો છું કે અશુદ્ધ થઈ ગયો એવું થાય, એ શુદ્ધ ઉપયોગ ના કહેવાય. ગમે તેવું કામ પોતાનાથી થઈ ગયું છે, પણ હવે એ તો તારું નથી કામ, આ તું જુદો પડ્યો ને એ કામ કરનારો જુદો. તું અશુદ્ધ નથી થયો. જે અશુદ્ધ છે તે જ અશુદ્ધ થયું છે, સાથે એવી જાગૃતિ રહેવી જોઈએ.

હવે પછી બીજો તમને ગાળો ભાંડે છે એવું તમે મને ફરિયાદ કરો તો હું જાણું કે તમે શુદ્ધ ઉપયોગમાં રહ્યા નથી. એને શુદ્ધ જ જુઓ. એય શુદ્ધ જ છે અને આ જે ડખલ છે એ પુદ્‌ગલની કુસ્તી છે. કુસ્તી કોણ કરે છે ? આ પુદ્‌ગલ અને માથે લે છે પોતે. અને પછી કહેશે કે આ ભઈએ મારું અપમાન કર્યું. એટલે હું કહું કે તારો શુદ્ધ ઉપયોગ નકામો ગયો. શુદ્ધ ઉપયોગ ક્યારે ગણવામાં આવે છે કે બધાનામાં શુદ્ધ જ છે એમ જોવામાં આવે.

શુદ્ધાત્મા થઈ ગયા એટલે કંઈ કામ પૂરું થતું નથી. શુદ્ધાત્મા કોનું નામ કહેવાય કે સામો ગાળો દે અને આપણને જો અશુદ્ધિ થાય તો તે શુદ્ધાત્મા ના કહેવાય. એનો શુદ્ધાત્મા દેખાવો જોઈએ તે ઘડીએ. ગાળો જે દે છે એ આપણું ઉદયકર્મ દે છે. એ વાજિંત્ર વાગી રહ્યું છે, ટેપરેકર્ડ વાગી રહી છે, પણ ઉદયકર્મ તો આપણું જ ને ? અને સામો શુદ્ધ જ છે એટલે પોતે સામાને શુદ્ધ જુએ. પોતાને શુદ્ધ જુએ એનું નામ શુદ્ધ ઉપયોગ ! જીવ માત્રને શુદ્ધ જુઓ એ શુદ્ધ ઉપયોગ કહેવાય.

## ન જુએ કર્તા કોઈને ત્યાં જ શુદ્ધ ઉપયોગ

**પ્રશ્નકર્તા :** ગાળોને ગાળોના સ્વરૂપમાં નહીં જોવાની એમ આપ કહો છો ?

**દાદાશ્રી :** એ ગાળ દે છે ને, તે ઘડીએ કર્તા નથી. કર્તા જુઓ તો એ અશુભ ઉપયોગ કહેવાય. જગતમાં તમેય કર્તા નથી ને કોઈ કર્તા છે નહીં. માટે અકર્તા ભાવથી જોશો તો એનું નામ શુદ્ધ ઉપયોગ. એટલે અમારો મિનિટે મિનિટે આવો શુદ્ધ ઉપયોગ હોય. તરત જ, ઓન ધી મોમેન્ટ ! નહીં તો પછી અશુભ થઈ જાય, તરત બગડી જાય. ફરી આપણે ને આપણે સુધારવું પડશે ને ! શુદ્ધ ઉપયોગ એટલે કે પોતે શુદ્ધ છે, પોતે કર્તા નથી કોઈ ચીજનો, પોતે અક્રિય છે.

હવે પણ બીજાને શું કહે ? તમે મારા પ્યાલા કેમ ફોડી નાખ્યા ? એટલે એ શુદ્ધતા ના રહી. એ પોતે પોતાની જાતને શુદ્ધ માને છે અને શુદ્ધ વર્તેય છે ખરો, પણ પેલાને તમે પ્યાલા ફોડી નાખ્યા એમ કહે છે, એટલે એને કર્તા માને છે, એ કચાશ છે.

**પ્રશ્નકર્તા :** એટલે એ ત્યારે ઉપયોગમાં નથી.

**દાદાશ્રી :** નહીં, ઉપયોગ તો છે પણ આ ઉપયોગ બગડ્યો. શુદ્ધ ઉપયોગમાં નથી, અશુભ ઉપયોગ થયો. એટલે કોઈને કર્તા માનવો નહીં, તો જ શુદ્ધ ઉપયોગ રહે. આપણે અક્રિય અને પેલાય અક્રિય. જગતમાં કોઈ કર્તા છે નહીં. કારણ કે બધા શુદ્ધ આત્મા છે. અને એમ જ્યારે અનુભવમાં આવે, ત્યારે શુદ્ધ ઉપયોગ બધે રહે.

હું કરું છું, તે કરે છે અને તેઓ કરે છે, એ ભાવ નથી ત્યાં આગળ શુદ્ધ ઉપયોગ છે, સંપૂર્ણ. આ તો સહેજ છે તે લાલ વાવટો કોઈકે ધર્યો, ગાડીની આગળ, 'તમે શા આધારે લાલ વાવટો ધરો' એટલે ત્યાં આગળ કાચા પડી ગયા. કારણ કે એ ધરતો જ નથી ! કોઈ કર્તા દેખાવો ન જોઈએ, તો એ શુદ્ધ ઉપયોગ કહેવાય.

તેથી મહાવીર ભગવાને કહેલું ને કે 'હું કરું છું', 'તું કરું છું' ને 'તેઓ કરે છે' એ મારા વિજ્ઞાનમાં નથી. કોઈને કોઈ પણ ચીજનો એ કર્તા

છે એવું માનો, એ મારા મોક્ષ વિજ્ઞાનમાં નથી, બીજા વિજ્ઞાનમાં છે.

તમે ઓફિસમાં જાવ તે ઘડીએ તમારો શુદ્ધ ઉપયોગ ના હોય તો બધા કારકુનો, કારકુનો જ દેખાય. અને શુદ્ધ ઉપયોગ હોય તો કારકુનેય દેખાય ને શુદ્ધાત્માય દેખાય. એવું દરેક બાબતમાં શુદ્ધ ઉપયોગ જ રાખવો જોઈએ. ઉપયોગ ચૂકાય નહીં. શુદ્ધ ઉપયોગ એ જ સમતા ને એ જ બધું. પછી ભલે ને ઉદયકર્મ ગમે તે નાચ કરે, તેનો વાંધો નથી. ઉદયકર્મ એ ઉદયકર્મ કહેવાય. એ વ્યવસ્થિતના આધીન છે, આપણા આધીન નથી. ફક્ત આપણે તો એના જાણકાર છીએ કે આ પ્રકારના ઉદયકર્મ હોય છે.

## શુદ્ધાત્મા જુએ તે ઘડીએ શુદ્ધ ઉપયોગ

આપણી આજ્ઞામાં રહ્યો તે શુદ્ધ ઉપયોગમાં રહ્યો કહેવાય. આ ફાઈલ આવીને, એનોય સમભાવે નિકાલ કરવો. આમાં કંઈ ધ્યાન ના આપીએ, તો સમભાવે નિકાલ ના થયો કહેવાય. અને જો ધ્યાન આપીએ તો શુદ્ધ ઉપયોગ. અમારા પાંચ વાક્યો જ શુદ્ધ ઉપયોગવાળા છે.

હંમેશાં 'શું થશે' એવું પરિણામ બદલાય તો બધું બગડે. કશું થાય નહીં, કશું થનાર જ નથી. આપણો ઉપયોગ શુદ્ધ છે તો દુનિયામાંયે કોઈ નામ દેનાર નથી ને શુદ્ધ ઉપયોગ બગડ્યો કે બધું ચઢી બેસે.

**પ્રશ્નકર્તા :** આમ તો એવું કહેવાય છે ને કે શુદ્ધ ઉપયોગ બે ઘડી રહે તો સર્વાંશ કેવળજ્ઞાન થાય ?

**દાદાશ્રી :** ના થાય. શુદ્ધ ઉપયોગ એ કેવળજ્ઞાન જ કહેવાય છે, પણ એને અંશ કેવળજ્ઞાન કહેવાય છે. સર્વાંશ કેવળજ્ઞાન ના કહેવાય. કારણ કે પચતું નથી આ કાળમાં. અક્રમ છે ને !

તેથી જ હું કહું છું ને કે એક ગુંઠાણું, અડતાલીસ મિનિટ સુધી બધાના શુદ્ધાત્મા એકધારા જોતાં જોતાં જાય તે શુદ્ધ ઉપયોગ. તે એક બાજુ ગધેડું દેખાય ને એક બાજુ શુદ્ધાત્મા દેખાય, એમ જોતાં જોતાં જઈએ એનું નામ શુદ્ધ ઉપયોગ. બીજા જીવોને શુદ્ધાત્મા જુઓ, તે ઘડીએ શુદ્ધ ઉપયોગ હોય તમારો.

જેમ છે તેમ, યથાર્થ જોવાના જેના ભાવ છે, જ્ઞાની પુરુષની આપેલી દ્રષ્ટિએ જોવાના જેના ભાવ છે એને શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત થાય જ !

હવે તો આપણે મૂળ વાત ઉપર જ આવી જવાનું. આપણે જે સ્ટાન્ડર્ડ જાણી ગયા, તે સ્ટાન્ડર્ડના પુસ્તકોની જરૂર ના રહીને આપણે ? હવે આત્માની શું હકીકત છે અને હવે આત્મા તરીકે કેવી રીતે વર્તવું એટલું જ જોવાનું રહ્યું.

## જગત નિર્દોષ દેખાય તે શુદ્ધ ઉપયોગ

'હું શુદ્ધાત્મા છું' એનો ઉપયોગ રહેવો જોઈએ. આય શુદ્ધાત્મા છે, તેય શુદ્ધાત્મા છે. ગધેડાં, કૂતરાં, બિલાડાં બધા શુદ્ધાત્મા છે. ગજવું કાપનારોય શુદ્ધાત્મા છે.

'શુદ્ધ ઉપયોગ' એટલે 'હું શુદ્ધાત્મા છું અને હું આ નથી કરતો પણ બીજું કોઈ કરે છે' એવું ભાન થાય, પોતે શુદ્ધમાં રહે અને સામાના શુદ્ધાત્મા જુએ એ. કોઈ ગાળ ભાંડે, ગજવું કાપી નાંખે તોય એના શુદ્ધાત્મા જ જુએ તે શુદ્ધ ઉપયોગ ! જગત આખું નિર્દોષ દેખાય એમાં. 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ બેસે ત્યારથી શુદ્ધ ઉપયોગની શરૂઆત થાય છે, અને સંપૂર્ણ શુદ્ધ ઉપયોગને કેવળજ્ઞાન કહ્યું છે. આ શુદ્ધાત્માનું જ્ઞાન થાય છે તોય એને પોતાના દોષ થાય છે એમ દેખાય છે અને પેલું કેવળજ્ઞાન એટલે તો સંપૂર્ણ.

ભગવાન મહાવીરને કેવળજ્ઞાન ઉપજ્યું ત્યાં સુધી દોષો દેખાતા હતા. ભગવાનને કેવળજ્ઞાન ઉપજ્યું તે કાળ અને પોતાના દોષ દેખાતા બંધ

થવાનો કાળ એક જ હતો. તે બન્નેય સમકાલીન હતા. છેલ્લા દોષનું દેખાવું બંધ થવું અને આ બાજુ કેવળજ્ઞાન ઊભું થવું, એવો નિયમ છે.

'મારામાં ભૂલ જ નથી' એવું તો ક્યારેય ના બોલાય, બોલાય જ નહીં. 'કેવળ' થયા પછી જ ભૂલો ના રહે. દોષો જોતા જઈને ધોવાથી આગળ વધાય, પ્રગતિ થાય, નહીંતર પણ આજ્ઞામાં રહેવાથી લાભ તો છે. તેનાથી આત્મા જળવાઈ રહે. જાગૃતિ માટે સત્સંગ અને પુરુષાર્થ જોઈએ. સત્સંગમાં રહેવા માટે પહેલાં આજ્ઞામાં રહેવું જોઈએ. જાગૃતિ તો નિરંતર રહેવી જોઈએ. આ તો દિવસેય કોથળામાં આત્મા પૂરી રાખે તો કેમ ચાલશે ?

શુદ્ધ ઉપયોગ સિવાય બીજો પુરુષાર્થ નથી. શુદ્ધ ઉપયોગ ચૂકવો એને પ્રમાદ કહ્યો. એક ક્ષણ વાર ગાફેલ ના રહેવું જોઈએ. આ ટ્રેન સામેથી આવતી હોય તો ત્યાં ગાફેલ રહો છો ? જ્યારે આ તો અનંત અવતારની ભટકામણ છે, ત્યાં ગાફેલ કેમ રહેવાય ?

## શુદ્ધાત્મા ને પ્રતિષ્ઠિત આત્માનો ભેદ

**પ્રશ્નકર્તા :** દાદા, આપ જ્યારે જ્ઞાન આપો છો એટલે એ જ્ઞાનમાં જે ભેદજ્ઞાન થાય છે, તે વખતે શુદ્ધાત્મા અને પ્રતિષ્ઠિત આત્મા બે ભાગ પડે છે. હવે શુદ્ધાત્મા જે છે તે જોનારો અને જાણનારો રહ્યો અને પ્રતિષ્ઠિત આત્મા તે ગલન રહ્યો.

**દાદાશ્રી :** ગલન એટલે કરનારો અને ભોગવનારો.

**પ્રશ્નકર્તા :** કરનારો અને ભોગવનારો એ. એટલે આ પ્રતિષ્ઠિત આત્મા જે પણ કંઈ કરતો હોય, એને શુદ્ધાત્મા નિહાળ્યા કરે છે ?

**દાદાશ્રી :** હા, બરોબર છે. પ્રતિષ્ઠિત આત્મા જે કરે, એને શુદ્ધાત્મા જુએ. આ પ્રતિષ્ઠિત આત્મા એટલે શું ? ત્રણ યોગે કરીને પ્રતિષ્ઠિત આત્મા કહેવાય; મનોયોગ, વચનયોગ અને કાયયોગ. અને ત્રણેય શું કરી રહ્યા છે, એને જુએ એ જ આ શુદ્ધાત્માનું કાર્ય.

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા ને પ્રતિષ્ઠિત આત્મામાં શો તફાવત છે ?

**દાદાશ્રી :** શુદ્ધાત્મા મૂળ વસ્તુ છે અને પ્રતિષ્ઠિત આત્મા એ માન્યતા છે. રોંગ માન્યતા, રોંગ બિલીફથી ઊભું થયેલું પૂતળું, તે રાઈટ બિલીફથી ઊડી જાય. પ્રતિષ્ઠિત આત્મા એ પૂતળું ઊભું થયું છે પ્રકૃતિનું.

પ્રતિષ્ઠિત આત્મા જ આ બધું કાર્ય કરી રહ્યો છે, 'શુદ્ધાત્મા' કંઈ જ કરતો નથી. હાલવું-ચાલવું એ બધા અનાત્માના ગુણધર્મ છે, આત્માના નથી. આત્મા રાતેય ઊંઘતો નથી ને દહાડેય ઊંઘતો નથી, અનાત્મા ભાગ ઊંઘે છે. જે ક્રિયા કરે છે તે જ ઊંઘે છે. જે ક્રિયા કરે છે, તેને રેસ્ટ(આરામ)ની જરૂર છે. શુદ્ધાત્મા તો ક્રિયા કરતો જ નથી તો તેને રેસ્ટની શી જરૂર ? રેસ્ટ કોણ ખોળે ? જે રેસ્ટમાં ઈન્ટરેસ્ટેડ (રસ ધરાવનાર) હોય તે. તે કોણ ? પ્રતિષ્ઠિત આત્મા. આ બધી ક્રિયાઓ પ્રતિષ્ઠિત આત્માની છે. પ્રતિષ્ઠિત આત્માને ઊંઘ સારી આવી કે ખોટી આવી તે જાણ્યું કોણે ? એની ક્રિયાને જાણી કોણે ? શુદ્ધાત્માએ. શુદ્ધાત્મા પ્રતિષ્ઠિત આત્માની કોઈ પણ ક્રિયામાં ડખો કરતો જ નથી. કેવળ જુએ છે અને જાણે છે. ડખો તો પ્રતિષ્ઠિત આત્માનો છે. પ્રતિષ્ઠિત આત્મા જે જાણે છે તે જ્ઞેય છે અને પ્રતિષ્ઠિત આત્માને જ્ઞેય સ્વરૂપે જે જાણે છે તે 'શુદ્ધાત્મા' છે. પ્રતિષ્ઠિત આત્માને ડખો શાથી છે ? કારણ કે તે ઈન્ટરેસ્ટેડ છે. શુદ્ધાત્માને ઈન્ટરેસ્ટ (રસ) નથી. એ તો જ્ઞાતા-દ્રષ્ટા ને પરમાનંદી છે. 'શુદ્ધાત્મા' એ સ્વ-પર પ્રકાશક છે, જ્યારે પ્રતિષ્ઠિત આત્મા પરપ્રકાશક છે. 'શુદ્ધાત્મા' પ્રતિષ્ઠિત આત્માને પણ જુએ છે ને જાણે છે. માટે પ્રતિષ્ઠિત આત્મા જ્ઞેય છે. શુદ્ધાત્મા અને પ્રતિષ્ઠિત આત્માને જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ માત્ર છે.

## 'હું કરું છું' એ જ પરપરિણતિ

આત્મા જ્ઞાતા-દ્રષ્ટા રહે અને પોતાનો કર્તાભાવ ના રહે એટલે સ્વપરિણતિ. અને કર્તાભાવ ઉત્પન્ન થાય, કોઈ પણ જાતની ક્રિયા ને પોતે 'હું કરું છું' એવું માને તો એ પરપરિણતિ કહેવાય. અને (હવે) 'હું નથી કરતો, કોણ કરે છે' એ સમજી ગયો. 'હું નથી કરતો' એવો ભાવ આવે ક્યારે, કે 'કોણ કરે છે' એ સમજી જાય ત્યારે. હવે તમે નથી કરતા એ વાત નક્કી છે ને ?

**પ્રશ્નકર્તા :** એ તો સિદ્ધ થઈ ગયું, દાદા.

**દાદાશ્રી :** એ સ્વપરિણતિ કહેવાય.

તું તારી જાતને 'હું શુદ્ધાત્મા છું' એવું ભૂલી જઈને બોલું કે 'આ મેં કર્યું' તો પરપરિણતિ કહેવાય અને તું 'હું શુદ્ધાત્મા છું' એમ જાણીને કહું કે 'ચંદુએ કર્યું' એ જ સ્વપરિણતિ કહેવાય. એને જેમ છે એમ બોલવું એનું નામ સ્વપરિણતિ અને નથી એનું આરોપણ કરવું એ પરપરિણતિ.

હવે તમે શુદ્ધાત્મા છો એ સ્વપરિણતિ કહેવાય અને પરપરિણતિ તમને રહેશે, એ તો વ્યવસ્થિતને તાબે થઈ. એ પરપરિણતિ જુદી જ છે.

વ્યવસ્થિતના જ્ઞાનને લઈને પરપરિણતિ ઊડી ગઈ છે. શુદ્ધાત્માનું લક્ષ બેઠું ને વ્યવસ્થિતનું જ્ઞાન બેઠું એટલે આ કરે છે, એવુંય થઈને એની ઉપર દ્વેષ નથી થતો.

**પ્રશ્નકર્તા :** કર્તાભાવ પહેલેથી કાઢી લીધો.

**દાદાશ્રી :** કર્તાભાવ તમારો તો નહીં, પણ બીજા પ્રત્યેનોય કર્તાભાવ ઊડી ગયો. બીજો કરે છે, તે કરે છે, તેઓ કરે છે, એ બધુંય ઊડી ગયું. 'હું કરું છું, તે કરે છે, તેઓ કરે છે', એ બધુંય ઊડી ગયું. નિમિત્તભાવ આવી ગયો.

## અકર્તા પદ એ સ્વપરિણતિ

**પ્રશ્નકર્તા :** શ્રીમદ્‌નું એક વાક્ય છે કે 'શુદ્ધ પરિણતિ હોય નહીં, ત્યાં સુધી પરમ વિશ્વાસ પ્રાપ્ત થાય નહીં, પરમ શ્રદ્ધા પ્રાપ્ત થાય નહીં.' તે સમજાવશો.

**દાદાશ્રી :** શુદ્ધ પરિણતિ એટલે 'હું શુદ્ધ આત્મા છું', પોતાનું લક્ષ એ. 'આ દેહ હું ન્હોય, હું શુદ્ધાત્મા છું' અને બીજા પણ 'શુદ્ધાત્મા છે' એવી એને ખાતરી થઈ જવી જોઈએ ત્યારે શુદ્ધ પરિણતિ ઉત્પન્ન થાય. જો બીજાને, શુદ્ધાત્માને કર્તા દેખે તો શુદ્ધ પરિણતિ ના કહેવાય. બીજાને અકર્તા દેખે. પોતે અકર્તા, સામોય અકર્તા. હું કરું છું, તું કરું છું અને તેઓ કરે છે, એ ત્રણેવ છે તે કર્તાપદ ના હોવું જોઈએ.

એક, કર્તાપદ ને બીજું, અકર્તાપદ. કર્તાપદમાં 'હું ચંદુલાલ ને હું જ આ બધું કરું છું' તે પરપરિણતિ ને તે અનંત અવતાર સંસારમાં ભટકામણ જ કરાવનારી છે ને બીજું, અકર્તાપદ તે સ્વપરિણતિ. સ્વપરિણતિ મોક્ષમાં લઈ જાય. સ્વપરિણતિને ભગવાને 'મોક્ષ' કહ્યો છે. એક અશુદ્ધ પરિણતિ ને તે પ્રસવધર્મી છે. તે નર્યા બચ્ચા જ જન્મ્યા કરે. અને બીજી શુદ્ધ તે સ્વધર્મી પરિણતિ, તે મોક્ષ તરફ પ્રગતિ કરે. બે જ પરિણતિ છે.

## પ્રકૃતિને જોવી તે યથાર્થ જ્ઞાતા-દ્રષ્ટાપણું

**પ્રશ્નકર્તા :** હવે દાદા, એ જે આપે કહ્યું કે શુદ્ધાત્માનું કામ હવે તમે તમારી મેળે કર્યા કરો, એટલે આ જ્ઞાતા-દ્રષ્ટા ને પરમાનંદી રહેવાનું ?

**દાદાશ્રી :** બસ, બીજું કંઈ નહીં. જ્ઞાતા-દ્રષ્ટા ને પરમાનંદી ! અને ચંદુભાઈની પ્રકૃતિ શું કરી રહી છે, એ જ જોયા કરો. આમની ગાડી આવે ત્યારે ચંદુભાઈ કહે, 'એ અથડાશે, આમ થશે, તેમ થશે.' તે આપણે એ જોયા કરવું કે 'કહેવું પડે !' એ પુદ્‌ગલ પર્યાયો છે બધા. એને જ જોવાના. પોતાની પ્રકૃતિને જોયા કરવાની.

એટલે જ્ઞાતા-દ્રષ્ટાનો ઊંચામાં ઊંચો અર્થ

પેલો છે. પોતે અંદરખાને શું કરી રહ્યા છે, મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર બધું શું કરી રહ્યું છે, એ બધાને સર્વસ્વ રીતે જાણે અને જુએ, બસ. બીજું કશું નહીં.

તમે આત્મા જ છો ને જ્ઞાતા-દ્રષ્ટા છો. આ થાય કે તે થાય, તમારે જ્ઞાતા-દ્રષ્ટાપણું જો જરાક છોડ્યું તો મહીં ઉપાધિ થશે. છો એ છો. આ તો જે જ્ઞાન આપ્યું છે, 'આપણે શુદ્ધાત્મા છે' એ જ્ઞાન તેનું તે જ રહેવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** 'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન.' તો આપે જે કહ્યું, હવે આત્મામાં જ આખો દહાડો રહ્યા કરે છે, તે એ જ આ અખંડ જ્ઞાન વર્તે કહેવાય ?

**દાદાશ્રી :** એ જુદું કહેવા માગે છે. કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન એટલે જ્ઞાતા-દ્રષ્ટા નિરંતર સ્વભાવ, એ સિવાય બીજું ન રહેતું હોય તેને કહેવા માંગે છે. હજુ આપણાથી દૂર છે જરા. એ પદ દૂર છે.

## નિરંતર જ્ઞાતા-દ્રષ્ટા એ જ કેવળજ્ઞાન

**પ્રશ્નકર્તા :** હવે આ શુદ્ધાત્માની જાગૃતિ, જ્ઞાતા-દ્રષ્ટાભાવ બહુ રહે છે. જ્યારે જ્ઞાતા-દ્રષ્ટા ભાવમાં રહું ત્યારે તે વખતે હું કંઈક જુદી જ વસ્તુ છું એવો અનુભવ થાય અને ઠંડક લાગે.

**દાદાશ્રી :** એ તો લાગે જ ને ! એ વાત જ જુદી છે એવું લાગે ને આપણને ઠંડક બહુ લાગે. એ તો કેવળજ્ઞાનની ઠંડક કહેવાય એ. કોઈ કોઈ મહાત્મા તો કેવળજ્ઞાનની ઠંડક અનુભવી શકે. આપણા ઘણા મહાત્માઓ તો ઘણીવારે મહીં એવી એવી ક્ષણો ઊભી થાય ત્યારે 'હું કેવળજ્ઞાન સ્વરૂપ છું' એવું હઉ બોલે. એવું બોલી શકે છે, કારણ કે અમુક સમયે કેવળજ્ઞાન સ્વરૂપ થાય છે માણસ. અંશ-અંશ ભાગ ઉત્પન્ન થયેલો છે. હવે મહીં જેમ જેમ આ દેવા પતશે ને બેન્ક, ઓવરડ્રાફ્ટ લીધેલાને, તે બધા જેટલા પતશે એમ એમ આ બધું સમજાશે.

સંપૂર્ણ જ્ઞાતા-દ્રષ્ટા તો થયા છે બધા, પણ નિરંતર જ્ઞાતા-દ્રષ્ટા રહે તો કેવળજ્ઞાની. નિરંતર જોઈએ.

એ તો એવું છે ને, કે જ્ઞાતા-દ્રષ્ટા સંપૂર્ણપણે રહે તે કેવળજ્ઞાની. પણ અંશે રહે ને, થોડે થોડે અંશે વધતું જાય. જેમ જેમ પેલા કર્મોનો નિકાલ થતો જાય, તેમ તેમ પેલું વધતું જાય. એટલે એમાં કશું ડખો છે નહીં. રસ્તો જ એ છે, હાઈવે જ એ છે. જેમ જેમ પેલી આ ફાઈલો ઓછી થતી જાય તેમ તેમ જ્ઞાતા-દ્રષ્ટાપણાનું પ્રમાણ વધતું જાય. વધતું વધતું કેવળજ્ઞાને પહોંચે, એકદમ થાય નહીં.

## આજ્ઞા આરાધને પમાય નિરાલંબ પદ

આ તમને જે આપી છે આજ્ઞા, એ આરાધન કરતાં કરતાં એનું ફળ એ આવીને ઊભું રહેશે. શુદ્ધાત્મા તો થઈ ગયા, પણ શુદ્ધાત્મા પછી જે આરાધન આપ્યું એનું ફળ અસ્પર્શ્ય અને નિરાલંબી આત્મા આવશે. આ તો 'હું શુદ્ધાત્મા છું' એ શબ્દનું અવલંબન છે. નિરાલંબ એ ભગવાન છે.

આ પાંચ આજ્ઞા પાળે ને, એટલે ચારિત્ર ઊભું થાય. પાંચ આજ્ઞા પાળવી એ પ્રથમ ચારિત્ર છે, આજ્ઞાચારિત્ર છે અને પછી દરઅસલ ચારિત્ર આવશે.

**પ્રશ્નકર્તા :** એમાંથી જે પરિણામ પામે તે અસલ ચારિત્ર ? વર્તન પછી પરિણામ પામે તે અસલ ચારિત્ર ?

**દાદાશ્રી :** નિરાધાર થાય તે અસલ. આ સાધારી છે આજ્ઞાનું. આધાર છે ને આજ્ઞાનો. પછી નિરાધાર થાય. નિરાલંબ, કોઈ અવલંબન નહીં. આ જગત અવલંબનથી ઊભું રહ્યું છે બધું.

**પ્રશ્નકર્તા :** પછી આજ્ઞા રહે જ નહીં ? પછી આજ્ઞાનું શું થાય ?

**દાદાશ્રી :** એ ઊડી જાય, જરૂર ના રહી ત્યાં. કિનારો આવ્યા પછી મછવાની દયા ખાવી પડે આપણે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** ઊતરીને આપણે ચાલ્યા જવાનું. મછવો એની મેળે પાછો જશે. એમ આજ્ઞા એને ઘેર જશે, આપણે આપણા ઘેર જવાનું. ઊતારી પાડ્યા, ડેક ઉપર. કિનારા પર ઉતારી પાડે ને ?

**પ્રશ્નકર્તા :** જી, કિનારે પહોંચાડી દીધા.

**દાદાશ્રી :** પહોંચાડી દીધા. આ આજ્ઞા કિનારે પહોંચાડશે. અને નહીં તો ઝોલાં ખવડાવશે.

## 'હું શુદ્ધાત્મા' એ શબ્દાવલંબન

આ જે આપ્યું છે ને, એ શુદ્ધાત્મા પદ છે. હવે શુદ્ધાત્મા પદ ત્યાંથી મોક્ષ થવાનો સિક્કો વાગી ગયો. આ જે શુદ્ધાત્મા પદ પ્રાપ્ત થાય છે, પણ શુદ્ધાત્મા એ શબ્દનું અવલંબન કહેવાય છે. જ્યારે નિરાલંબ થશે, ત્યારે આત્મા દેખાય બરોબર.

**પ્રશ્નકર્તા :** હા, તો એ નિરાલંબ દશા ક્યારે આવે ?

**દાદાશ્રી :** હવે ધીમે ધીમે નિરાલંબ ભણી જ જવાના. આ અમારી આજ્ઞામાં ચાલ્યા કે નિરાલંબ ભણી ચાલ્યા. એ શબ્દનું અવલંબન ધીમે ધીમે જતું રહેશે અને છેલ્લે છેવટે નિરાલંબ ઉત્પન્ન થઈને ઊભું રહેશે. નિરાલંબ એટલે પછી કોઈની કંઈ જરૂર ના હોય. બધું આખું ગામ જતું રહે તોય ભડક ના લાગે, ભય ના લાગે. કશું જ નહીં. કોઈના અવલંબનની જરૂર ના પડે. હવે ધીમે ધીમે તમે એ તરફ જ ચાલ્યા. અત્યારે તમે 'શુદ્ધાત્મા છું' કર્યા કરો, એટલું જ બસ છે !

**પ્રશ્નકર્તા :** એટલે આત્મદર્શન પછી જે સ્થિતિ આવે તે તદ્દન નિરાલંબ સ્થિતિ જ હોઈ શકે ને ?

**દાદાશ્રી :** નિરાલંબ થવાની તૈયારીઓ થયા કરે. આ અવલંબનો ઓછા થતા જાય. છેવટે નિરાલંબ સ્થિતિ થાય.

એટલે મારી પાસે તમે બધા શુદ્ધાત્મા પ્રાપ્ત કરો છો. હવે એ શુદ્ધાત્માનું લક્ષ તમને નિરંતર રહેતું હોય એની મેળે, સહજ રીતે રહેતું હોય, યાદ કરવું ના પડતું હોય, તમને ચિંતા-વરીઝ ના થતી હોય, સંસારમાં ક્રોધ-માન-માયા-લોભ ન થતા હોય તોય એ મૂળ આત્મા નથી. જે શુદ્ધાત્મા છે તે તમને પ્રાપ્ત થયો છે, એટલે મહીં મોક્ષના પહેલા દરવાજામાં તમે પેઠા છો. એટલે તમારું નક્કી થઈ ગયું કે તમે હવે મોક્ષને પામશો. પણ એથી તો ઘણો આગળ મૂળ આત્મા છેટો છે.

તમારે આ શબ્દનું અવલંબન જતું રહે, એટલા માટે આ પાંચ આજ્ઞા પાળો તો ધીમે ધીમે દર્શન દેખાતું જાય. દેખાતું દેખાતું દેખાતું પોતાના સેલ્ફમાં જ અનુભવ રહ્યા કરશે. પછી શબ્દની જરૂર નહીં પડે. કેવું, શોર્ટકટમાં તો આવી ગયા ને !

**પ્રશ્નકર્તા :** એકદમ શોર્ટકટમાં આવી ગયા, હં.

**દાદાશ્રી :** એટલે હવે દાદાની પાછળ પડવું પડે, મહિનો-બે મહિના. એકલા પૈસાની પાછળ પડીએ, તો પછી દાદા રોજ ભેગા થાય નહીં.

**પ્રશ્નકર્તા :** દાદાની પાછળ પડવું જ છે.

**દાદાશ્રી :** થોડા ઘણા દાદાની પાછળ પડ્યા હોઈએ તો બધું આપણું એડજસ્ટમેન્ટ બરોબર થઈ જાય. પછી એવી કંઈ કાયમ જરૂર નથી. આ એવું કાયમવાળું ના હોય. કાયમ પડી રહેવાનું સ્થળ ના હોય આ. આ કાળમાં તો કાયમ પડી રહેવાય એવું કોઈ માણસને હોય નહીં. નર્યા લફરાંવાળો કાળ !

## અંતે અનુભવ ને અનુભવી એક

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા એ અવલંબન છે. જો એ ના હોય તો નિરાલંબ પણ ના હોય, પણ 'આત્મા' શબ્દ તો એક સંજ્ઞા જ છે ને ?

**દાદાશ્રી :** એવું છે ને, આ શબ્દ કરતાં કરતાં, આ રસ્તો છે, સીડી છે, એ સીડી ચડતાં ચડતાં ત્યાં આગળ ઉપર પહોંચીએ પછી પ્રાપ્ત થાય. આ શુદ્ધાત્મા કરતાં કરતાં જેમ જેમ અનુભવ થશે ને, પછી એ અનુભવનો ભાગ રહેશે. પછી શુદ્ધાત્મા શબ્દ ઊડી જશે. તે નિરાલંબ કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ આપ જે લોકોને જ્ઞાન આપો છો, તેનાથી મૂળ આત્મા પ્રાપ્ત થાય છે ?

**દાદાશ્રી :** એ આત્માનો અનુભવ રહે છે ને, એ જ મૂળ આત્મા છે. પણ એ અનુભવ એક જગ્યાએ ભેગો થતો થતો મૂળ જગ્યાએ આવે, તેમ તેમ તે પોતાનું આખું રૂપ થઈ જાય. અત્યારની દશામાં અનુભવ અને અનુભવી બે જુદું હોય, જ્યારે ત્યાં આગળ એકાકાર હોય.

આ માલ ખાલી થાય ત્યારે બધા અનુભવ થાય. જે માલ અનુભવમાં ડખલ કર્યા કરે, સ્વાદ ના આવવા દે. જેમ એક માણસે ચાલીસ લાખ રૂપિયાનો ઓવરડ્રાફ્ટ લીધેલો હોય અને બેકાર થઈ ગયો હોય, ધંધો-નોકરી કશું ના હોય તો કોઈ માણસ એને પંદર હજારની નોકરી અપાવડાવે તો એનો ઉપકાર તો માનવો જોઈએ કે ના માનવો જોઈએ ? વેપાર હતો ત્યારે જરાકેય સમજણ ન્હોતી, ચાલીસ લાખ રૂપિયાનું દેવું કરી નાખ્યું !

ઉપકાર માનવો જોઈએ ને ? ઉપકાર પણ માને. બે-ચાર મહિના પછી પેલો ભેગો થાય ત્યારે કહેશે, 'કેમનું છે ? હવે આનંદ છે ને ?' 'ના, શેનો આનંદ ? આ તો પૈસા ભરું છું ત્યાં આગળ અને ખાવાનું મળે છે એ.' અલ્યા મૂઆ, દેવું કરેલું છે તો ભરવાં જ પડે ને ! એટલે આ બધું તું દેવું દઉં, ત્યાં સુધી તો રહેશે. પછી મજા આવે, નહીં તોય શાંતિ રહે, ચિંતા ન થાય. પાંચ આજ્ઞામાં રહે ને, તો ચિંતામુક્ત થવાય.

કોઈક પાંચ હજાર માણસનું કામ થતું હોય ને, તો સારી વાત છે. બાકી ત્યાં મોક્ષમાં જઈને શું ઉતાવળ છે ? હવે આપણે એવી જગ્યાએ ગયા છીએ કે અહીંથી કોઈ પાછા કાઢનાર નથી. તમે મારી આજ્ઞા પાળો, તો આ જવાબદારીમાંથી તમને કોઈ પાછા ના કાઢે. કારણ કે આજ્ઞાને આધીન રહેવું પડશે તમારે, નહીં તો પાછાય કાઢે. અને મને કોઈ પાછા કાઢનારા નથી. કારણ કે હું તો કહું છું, નિરાલંબ થયેલો છું. તમને તો શુદ્ધાત્મા શબ્દનું અવલંબન છે પણ એ શબ્દના અનુભવરૂપે છે અને મૂળ આત્મા તો નિઃશબ્દ છે, એટલે પાછો અનુભવ થતો થતો અનુભવરૂપ થશે, એટલે શુદ્ધાત્મા થઈ જશે.

**પ્રશ્નકર્તા :** એ શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ ક્યારે થશે ?

**દાદાશ્રી :** નિરંતર થયા જ કરે છે ને ! 'હું ચંદુભાઈ છું' એ દેહાધ્યાસ અનુભવ હતો, એ અનુભવ તૂટી ગયો. અને હવે છે તે આત્માનો અનુભવ થયો. બીજો અનુભવ કેવો ? આવો જ્ઞાન અનુભવ આ રેગ્યુલર સ્ટેજમાં આવે તો પછી એને આનંદ આવતો થાય.

અને આત્માનો અનુભવ કેટલા કલાક રહે છે ? ચોવીસેય કલાક આત્માનો અનુભવ રહે છે. પહેલાં 'હું ચંદુભાઈ છું' એ અનુભવ હતો અને આ 'હું શુદ્ધાત્મા છું' એ અનુભવ !

## રિલેટિવમાંથી ઍબ્સોલ્યુટ તરફ

કોઈ અવલંબન ના રહે એવા, નિરાલંબ થઈને અમે બેઠા છીએ. એટલે અમારી પર ગમે તેવા પ્રયોગ કરો તોય પણ અમને સ્પર્શે નહીં. કારણ કે નિરાલંબ સ્વરૂપ છે અમારું. અવલંબનવાળાને પકડે કે હું ચંદુભાઈ છું, ફલાણો છું. હું શુદ્ધાત્મા છું, હું જ્ઞાની છું, એય અવલંબન કહેવાય.

**પ્રશ્નકર્તા :** દાદાજી, આપે કહ્યું કે રિલેટિવ છે એ વર્ડમાં છે, શબ્દમાં છે અને ઍબ્સોલ્યુટ નિરાલંબ છે, તો રિલેટિવ અને ઍબ્સોલ્યુટમાં ફેર શું ?

**દાદાશ્રી :** ઍબ્સોલ્યુટ એ તો ઘણું ઊંચું છે. આ શુદ્ધાત્મામાં પેઠા ને, એટલે તમે મોક્ષના દરવાજાની અંદર પેઠા. હવે બહાર કોઈ કાઢી શકે નહીં એવા દરવાજામાં પેઠા છો. પણ આ છે તે સાપેક્ષ છે. સાપેક્ષ કેમ ? ત્યારે કહે, આ આજ્ઞા પાળીશ તો. નહીં તો આજ્ઞા નહીં પાળું તો કાઢી મેલશે બહાર. સાપેક્ષ છે આ તમારી પાસે. એટલે પેઠા છો તો આજ્ઞા પાળો પચાસ-સાઈઠ ટકાય, વધારે નહીં. હંડ્રેડ પરસેન્ટ નહીં પાળી શકાય એવું હું જાણું કે આ કાળ વિચિત્ર છે. પણ પચાસ-સાઠ ટકા જો આજ્ઞા પાળો છો, તો તમને કોઈ બહાર કાઢી મેલે નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે આ હજુ એક નિરાલંબનું પગથિયું બાકી રહ્યું ને ? ઍબ્સોલ્યુટનું પગથિયું બાકી રહ્યું ને ?

**દાદાશ્રી :** એ તમે આ મોક્ષના દરવાજામાં પેઠા, હવે શું કામ ગૂંચાવ છો તે ? દરવાજામાં કોણ પેસવા દે ? કોઈ બાપોય લાખ અવતારેય નહીં પેસવા દે. પેસી ગયા છો એનો આનંદ માનો ને ! પાછું એક પદ બાકી રહ્યું તેની ચિંતા કરવી છે ? તમને કેવું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** સમજવા માટે પૂછયું.

**દાદાશ્રી :** હા. પોતાની જાતને ધન્ય માનો, હંઅ. ધન્ય છે મને કે મોક્ષના દરવાજામાં પેઠો છું, એવું ધન્ય માનો. બીજું છે તે આગળની વાતનો જો મનમાં બોજો લેશો ને, તો મનમાં એમ રહ્યા કરશે કે આપણે પેલું પદ ના આવ્યું, પેલું પદ ના આવ્યું.

**પ્રશ્નકર્તા :** દાદા, એ બોજો હલકો કરવા આપને અરજ કરી છે.

**દાદાશ્રી :** એ બરોબર છે. બોજો તમારે રાખવાનો નહીં. એ તો એની મેળે સામું જ આવવાનું હવે. આ આજ્ઞા પાળો ને, એ પદ સામું આવવાનું. મારે ચોખ્ખું કહી દેવું જોઈએ ને કે શું છે આ ! કરેક્ટનેસ તો આવવી જોઈએ ને ! કેવળજ્ઞાન ! ઍબ્સોલ્યુટ ! ફોરેનવાળા સમજે ઍબ્સોલ્યુટ. એટલે અમે ફોરેનવાળાને લખેલું છે કે અમે થિયરી ઑફ ઍબ્સોલ્યુટમાં નહીં, થિયરમ ઓફ એબ્સોલ્યુટિઝમમાં છીએ. થિયરમ એટલે એના અનુભવમાં જ છીએ.

**પ્રશ્નકર્તા :** સંપૂર્ણ જાગૃતિ, એનું નામ કેવળજ્ઞાન ?

**દાદાશ્રી :** સંપૂર્ણ. અને અત્યારે તમારી જાગૃતિ વધી છે તે સંપૂર્ણ થવા માટે તૈયારી કરી રહી છે. સંપૂર્ણ જાગૃતિ એ જ નિરાલંબ કહેવાય. અત્યારે તો અવલંબન, તમારે મારી પાસે આવવું પડે કે નહીં હજુ ? મારું અવલંબન લેવું પડે કે ના લેવું પડે તમને ? એ અવલંબન કહેવાય. 'હું શુદ્ધાત્મા છું' એ અવલંબન. અત્યારે જ્ઞાનનો લાભ મળે છે ને પૂરેપૂરો ? કોઈ પણ જગ્યાએ સમાધાન આપે એવું છે ને ?

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એમાંથી આખો જ વિચાર આવે ને, ઍબ્સોલ્યુટ જે શબ્દ આપણે કહીએ છીએ, એટલે કયું ચિત્ર ઊભું થાય ?

**દાદાશ્રી :** આ મૂળ આત્મા છે ને, તે ઍબ્સોલ્યુટ. એને બીજા કોઈની જરૂર નહીં. ઍબ્સોલ્યુટ એટલે શું ? નિરાલંબ. એને કોઈના અવલંબનની જરૂર નહીં, પોતે પોતાના પ્રાણથી જ જીવી રહ્યો છે. એટલે આવો પ્રાણ નહીં. પોતે પોતાનાથી જ જીવી રહ્યો છે. નિરંતર સુખ, નિરંતર આનંદ તે જ આત્મા.

### મોક્ષમાર્ગમાં ઊંચું અવલંબન - 'શુદ્ધાત્મા'

હવે આ શુદ્ધાત્મા પદની ડિગ્રીમાં પેઠાં, શરૂઆત થઈ પણ હજુ મૂળ આત્મા ઘણા માઈલો છેટો છે પણ તમે મોક્ષના દરવાજામાં પેસી ગયા. મોક્ષ તમારો થઈ ગયો હવે. પણ અહીં આગળ અટકી ના જશો.

આપને સમજાયું ને કે શુદ્ધાત્મા પ્રાપ્ત થયો એ કંઈ છેલ્લી દશા નથી ? એ તો મોક્ષના દરવાજામાં પેઠાની ખાતરી થઈ ગઈ. એ મોક્ષમાં પેઠાં. એ તો શુદ્ધાત્માનો અનુભવ થયો; લક્ષ, પ્રતીતિ અને અનુભવ.

બાકી મનમાં એમ માની બેસે કે આ અનુભવ થયો એટલે હવે પૂરું. એ ન્હોય કામ પૂરું થયું ! 'હું શુદ્ધાત્મા છું' એ આત્માનો અનુભવ એ વાત સાચી છે. એમાં બે મત નહીં એ ! કારણ કે એ ત્રિકાળી વાત છે. અમુક કાળવર્તી નથી આ. આત્માની બધી વસ્તુ ત્રિકાળવર્તી હોય, અમુક કાળવર્તી ના હોય. મને એ અનુભવ ત્રિકાળી રહ્યા કરે. તમનેય ત્રિકાળી રહ્યા કરે પણ તમને આ બધા મહીં બાધકો હોય છે, સંસારના વિઘ્નો બધા.

'હું શુદ્ધાત્મા છું' તેય અવલંબન છે, શબ્દનું અવલંબન. પણ એ ઊંચું અવલંબન છે. એ મોક્ષમાર્ગનું છે. એની સુગંધી જુદી હોય ને ! પણ તેથી આગળ જવાનું છે, નિરાલંબ થવાનું છે. કેટલી ગજબની પુણ્યૈ કહેવાય ! આ વાત સાંભળવાની ના મળે. શાસ્ત્રોમાં હોય નહીં આ વાત !

**પ્રશ્નકર્તા :** તો એક-બે ભવમાં થઈ જાય ને નિરાલંબ ?

**દાદાશ્રી :** થઈ જવાનું ને ! આ તો એની મેળે જ બધું હલકું પડી ગયું ને ! આર્તધ્યાન-રૌદ્રધ્યાન બંધ થઈ ગયા. એટલે એકાવતારી થાય માણસ. કાયદો જ એ છે. અને વખતે બે અવતાર થશે તોય શું ખોટ જવાની છે ? હવે આટલા બધા અવતાર બગાડ્યા. આપણને પોતાનેય લાગે કે હલકા ફૂલ થઈ ગયા છે.

મહાવિદેહ ક્ષેત્રમાં કાયમ તીર્થંકર હોય છે જ. ત્યારે બોલો, બ્રહ્માંડ તો પવિત્ર જ છે ને, જ્યારે જુઓ ત્યારે ?

**પ્રશ્નકર્તા :** અમે તો દાદાનો વીઝા બતાડીશું.

**દાદાશ્રી :** વીઝા તો બતાવવો પડે, તો એની મેળે કામ થાય. તેથી તીર્થંકરને જોતાં જ તમને આનંદનો પાર નહીં રહે. બધું જગત વિસ્મૃત થઈ જશે. જગતનું કશું ખાવાનું-પીવાનું નહીં ગમે. તે ઘડીએ પૂરું થઈ જશે. નિરાલંબ આત્મા પ્રાપ્ત થશે. નિરાલંબ પછી અવલંબન રહ્યું નહીં કશું.

## નિરાલંબ, કેવળજ્ઞાન સ્વરૂપ સમજરૂપે

**પ્રશ્નકર્તા :** નિરાલંબ સ્વરૂપ આપને દેખાય છે એવું ને ?

**દાદાશ્રી :** હા. નિરંતર, છેલ્લામાં છેલ્લું સ્વરૂપ, નિરાલંબ.

**પ્રશ્નકર્તા :** અમને પોતાને દેખાય, એવું બનવું જોઈએ ?

**દાદાશ્રી :** હં, તમને આ અવલંબન આપેલું છે શબ્દનું, 'હું શુદ્ધાત્મા છું' શબ્દના અવલંબનથી શુદ્ધાત્મા થયા અને તે અનુભૂતિ થઈ, એ મોક્ષના દરવાજામાં પેસી ગયા. એને કોઈ પાછો ના કાઢી શકે, જાણી-જોઈને કોઈ લઢવાડ ના કરે તો. મહીં પેસીને જો લઢવાડ કરે તો પાછો કાઢી મૂકે. એ કાયદેસર રહે તો વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** આ શબ્દ અવલંબન પછી સૂક્ષ્મ દાદાની કેટલી હેલ્પ થાય ?

**દાદાશ્રી :** પેલી બાજુ લઈ જાય, નિરાલંબમાં લઈ જાય.

**પ્રશ્નકર્તા :** આ દૈહિક નિદિધ્યાસન નિરાલંબમાં લઈ જાય ?

**દાદાશ્રી :** એમણે જે જોયું છે ત્યાં સુધી લઈ જાય.

**પ્રશ્નકર્તા :** પણ એમાં દૈહિક નિદિધ્યાસન વધારે હેલ્પ કરે છે કે વાણીનું નિદિધ્યાસન વધારે હેલ્પ કરે ?

**દાદાશ્રી :** બધાય ભેગા થઈને હેલ્પ કરે. હા... એ જ્યાં સુધી જોયું છે ત્યાં સુધી લઈ જાય.

**પ્રશ્નકર્તા :** આપને નિરાલંબ દાદા ભગવાન એટલે જે મૂળ સ્વરૂપ દેખાયું તે એ કેવું સ્વરૂપ ?

**દાદાશ્રી :** અહીં હોય નહીં કોઈ, શેના આધારે ઓળખાવીએ ?

**પ્રશ્નકર્તા :** એ કેવળજ્ઞાન સ્વરૂપ કહેવાય ?

**દાદાશ્રી :** પણ સમજરૂપે, જ્ઞાનરૂપે નહીં. ઍબ્સોલ્યુટ, જેમાં કોઈ મિક્ષ્ચર નહીં એ સ્વરૂપમાં. તમારું તો મિક્ષ્ચરવાળું. શુદ્ધાત્માની બાટલી સાથે, બુચ સાથે. આત્મા એ બાટલી, શુદ્ધ એ બૂચ. નહીં તો ઢળી જાય તમારું બધું તો.

## 'શુદ્ધાત્મા' અવલંબન પછી થવાય નિરાલંબ

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્માનું અવલંબન કોને છે, આત્મા તો નિરાલંબ છે ?

**દાદાશ્રી :** પ્રજ્ઞાને. આ શુદ્ધાત્મ પદ પ્રાપ્ત થાય એટલે કેવળજ્ઞાનના અંશની શરૂઆત થાય. સર્વાંશે કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનના અમુક અંશનું ગ્રહણ થાય એટલે આત્મા તદ્દન છૂટો જ દેખાયા કરે, ત્યાર પછી 'એબ્સૉલ્યૂટ' થાય.

શુદ્ધાત્મા થયા એટલે મોક્ષમાં આવ્યા તમે, મોક્ષનો વિઝા મળી ગયો તમને. તમારી ગાડી શરૂઆત થઈ ગઈ, 'હું શુદ્ધાત્મા છું' એ. શુદ્ધાત્મા અનુભવ થયો. 'હું શુદ્ધાત્મા છું' એ ભાન થયું, એ શબ્દરૂપ ભાન થયેલું છે અને જ્યારે નિરાલંબ થાય, ત્યારે તો કેવળજ્ઞાન કહેવાય છે.

કેવળજ્ઞાન એટલે એબ્સૉલ્યૂટ. એને ગુજરાતીમાં કહેવું હોય તો નિરાલંબ. એટલે અમને કોઈ જાતના અવલંબનની જરૂર નહીં. એટલે અમને કશું વસ્તુ અડે નહીં, એ અમારું સ્વરૂપ. જેલમાં બેસાડ્યા તોય પોતે નિરાલંબ, બહાર બેસાડે તોય નિરાલંબ. કારણ કે અક્રમ વિજ્ઞાન છે, ફુલ સ્ટોપ (પૂર્ણવિરામ) વિજ્ઞાન છે, આ કોમા (અલ્પવિરામ) વિજ્ઞાન નથી.

## સર્વાંશ વીતરાગતાએ, પ્રગટે કેવળજ્ઞાન

બહારનું તો તમે જોશો એ જુદી વાત છે, પણ તમારા જ અંદરનું તમે બધું જોયા કરશો તે વખતે તમે કેવળજ્ઞાન સત્તામાં હશો. પણ અંશ કેવળજ્ઞાન થાય, સર્વાંશ નહીં.

જેટલો વખત તમે જ્ઞાયક રહો એટલો વખત તમે ભગવાન, એટલો વખત કેવળજ્ઞાનના અંશો ભેગા થાય.

વીતરાગ થવાની શરૂઆતથી માંડીને વીતરાગ થવાના એન્ડ (અંત) સુધી વીતરાગ થતા થતા થતા આગળ વધી અને સર્વાંશે વીતરાગ થાય ત્યારે કેવળજ્ઞાન થાય. કેવળજ્ઞાન પહેલું થાય નહીં, અંશે વીતરાગ થતો થતો થતો થતો જેટલા અંશે વીતરાગ થયો, એટલા અંશે કેવળજ્ઞાન થયું. કેવળજ્ઞાનેય એટલા અંશે ગણાય. પછી સંપૂર્ણ કેવળજ્ઞાન ક્યારે ગણાય કે સર્વાંશે વીતરાગ થાય ત્યારે સંપૂર્ણ કેવળજ્ઞાન થાય.

## નિરાલંબ એ કેવળજ્ઞાન સ્વરૂપી આત્મા

પેલા ગજસુકુમાર મૂળ આત્માના આધારે સગડીનો તાપ જીરવી શક્યા હતા. માણસ એવો પ્રયોગ કરી જુએ તો ? અરે, એકુંય જ્ઞાની પણ એ ના કરી શકે અને ગજસુકુમારને તો છેલ્લો મૂળભૂત આત્મા પ્રાપ્ત થયેલો, નેમીનાથ ભગવાન પાસે પ્રાપ્ત થયો હતો.

**પ્રશ્નકર્તા :** ગજસુકુમારને જે જ્ઞાન આપ્યું'તું નેમીનાથ ભગવાને, એ બહુ જુદા જ પ્રકારનું જ્ઞાન હતું ?

**દાદાશ્રી :** એ પ્રકારનું જ્ઞાન અમને છે પણ એટલી સ્થિરતા નથી શરીરની. કારણ કે એમને તો ભગવાન જોડે જ વાત થયેલી. નેમીનાથ ભગવાનની

કૃપા ઉતરી સીધી. બાકી જ્ઞાન અમારી પાસે છે, એ જ જ્ઞાન છે. છેલ્લામાં છેલ્લું જ્ઞાન !

**પ્રશ્નકર્તા :** તો પછી કયું જ્ઞાન એ ?

**દાદાશ્રી :** પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન.

**પ્રશ્નકર્તા :** નિરાલંબ આત્મા, એમને સંપૂર્ણ પ્રાપ્ત થઈ ગયો ?

**દાદાશ્રી :** નિરાલંબ આત્મા તો છેલ્લો જ પ્રાપ્ત થયેલો, નહીં તો સગડી બાળે તો ના રહે એને. બીજી જગ્યાએ જ જતું રહે. છેલ્લો આત્મા એટલે આ ન હોય, તે ન હોય, ફલાણું ન હોય, આ નહીં, તે નહીં. આ નહીં, એ નહીં, એ નહીં, એ નહીં, એ નહીં... એ. ભગવાન તું કેવો, નિરાલંબ !

ભગવાને તેમને સમજાવ્યું હતું કે ''મોટો ઉપસર્ગ આવી પડે ત્યારે 'શુદ્ધાત્મા, શુદ્ધાત્મા' ના કરશો. શુદ્ધાત્મા તો સ્થૂળ સ્વરૂપ છે, શબ્દરૂપ છે. ત્યારે તો સૂક્ષ્મ સ્વરૂપમાં જતા રહેજો.'' એમણે પૂછ્યું, 'સૂક્ષ્મ સ્વરૂપ શું છે ?' ત્યારે ભગવાને સમજાવેલું કે 'ફક્ત કેવળજ્ઞાન જ છે, બીજી કોઈ વસ્તુ નથી.' ત્યારે ગજસુકુમારે પૂછ્યું, 'કેવળજ્ઞાનનો અર્થ મને સમજાવો.' ત્યારે ભગવાને સમજાવ્યું, 'કેવળજ્ઞાન એ આકાશ જેવું સૂક્ષ્મ છે; જ્યારે અગ્નિ સ્થૂળ છે. તે સ્થૂળ, સૂક્ષ્મને કોઈ દહાડો બાળી શકે નહીં. મારો, કાપો, બાળો તોય પોતાના કેવળજ્ઞાન સ્વરૂપને કંઈ જ અસર થાય તેમ નથી. અને ગજસુકુમાર માથે અંગારા ધીકતા હતા ત્યારે 'હું કેવળજ્ઞાન સ્વરૂપ છું' એમ બોલ્યા ત્યાં ખોપરી ફાટી, પણ કશી જ અસર તેમને ના થઈ !

આખા વર્લ્ડનો અજાયબ પુરુષ છે 'આ' ! 'કેવળજ્ઞાન સ્વરૂપી' આત્મા જાણ્યો, તેને 'જાણ્યું' કહેવાય.

'કેવળજ્ઞાન સ્વરૂપ' એટલે 'ઍબ્સોલ્યુટ' જ્ઞાનસ્વરૂપ છે. કેવળજ્ઞાન આકાશ જેવું ! આકાશ જેવો સ્વભાવ છે, અરૂપી છે ! આત્મા આકાશ જેવો સૂક્ષ્મ છે. આકાશને આમ અગ્નિ અડાડીએ તો તે દઝાય નહીં. અગ્નિ સ્થૂળ છે. બીજી બધી જ વસ્તુ આત્મા કરતાં સ્થૂળ છે !

કેવળજ્ઞાન સ્વરૂપ કેવું દેખાય ? આખા દેહમાં આકાશ જેટલો જ ભાગ પોતાનો દેખાય. આકાશ જ ખાલી દેખાય, બીજું કશું દેખાય નહીં. કોઈ મૂર્ત વસ્તુ એમાં ના હોય. આમ ધીમે ધીમે અભ્યાસ કરતા જવાનું છે. અનાદિકાળના અન્-અભ્યાસને 'જ્ઞાની પુરુષ'ના કહેવાથી અભ્યાસ થતો જાય. અભ્યાસ થયો એટલે શુદ્ધ થઈ ગયું !

ગજસુકુમારે આત્મા પ્રાપ્ત કર્યો છે, એ આત્મા અમારી પાસે છે અને તીર્થંકરો પાસે એ આત્મા હતો. અને એ આત્મા આ કાળમાં કોઈને પ્રાપ્ત ન થાય એવો છે. એ વાત સાચી છે. શુદ્ધાત્માથી આગળ વધ્યો એટલે બહુ થઈ ગયું. શબ્દથી આગળ વધ્યો કે આ તો શબ્દનું અવલંબન છે એટલું સમજતો થયો, એ ત્યાંથી નિરાલંબ તરફ જાય. પછી એ નિરંતર નિરાલંબ તરફ જાય. શુદ્ધાત્મા એય શબ્દ છે ને, અવલંબન શબ્દનું ને મૂળ શુદ્ધાત્મા એવો નથી.

### ફેર, શુદ્ધાત્મા સ્વરૂપ ને કેવળજ્ઞાન સ્વરૂપમાં

'શુદ્ધાત્મા' શબ્દ એ તો ખાલી સંજ્ઞા જ છે. એનાથી 'હું શુદ્ધ જ છું, ત્રણેય કાળ શુદ્ધ જ છું.' એ સંજ્ઞામાં રહેવાય એટલે પછી મજબૂત થઈ જાય. શુદ્ધતા માટે નિઃશંકપણું ઉત્પન્ન થાય. ત્યાર પછીનું પદ એટલે 'કેવળજ્ઞાન સ્વરૂપ' 'આપણું' !

કેવળજ્ઞાન એ સૂક્ષ્મ વસ્તુ છે ને શુદ્ધાત્મા એ તો સ્થૂળ છે. શુદ્ધાત્માનું સ્થૂળ બધું પરવારી જશે, પછી સૂક્ષ્મમાં, કેવળજ્ઞાનમાં આવશે. આત્મા ફક્ત કેવળજ્ઞાન સ્વરૂપ છે. આ લોકો સ્થૂળમાં જે કહે છે તેમ નથી. એ વિચારોથી પણ પર છે. કેવળજ્ઞાન એટલે ફક્ત જ્ઞાન સ્વરૂપ, એમાં બીજું કશું જ

ભેળસેળ નહીં. 'દરઅસલ આત્મા' તો 'કેવળજ્ઞાન સ્વરૂપી' જ છે. એટલે અમારામાં ને તમારામાં ફેર શો ? 'અમે' 'કેવળજ્ઞાન સ્વરૂપે' રહીએ છીએ અને 'તમે' (મહાત્માઓ) શુદ્ધાત્મા તરીકે રહો છો.

આ તો અજાયબ જ્ઞાન આપેલું છે ! રાતે જ્યારે જાગો ત્યારે હાજર થઈ જાય કે 'હું શુદ્ધાત્મા છું.' તમે જ્યાં કહેશો ત્યાં હાજર થશે અને બહુ મુશ્કેલી આવે તો નિરંતર જાગૃત રહેશે. કેવળજ્ઞાન જેવી દશા થઈ જાય એવું જ્ઞાન આપેલું છે.

## આજ્ઞા થકી અંશથી સર્વાંશ કેવળજ્ઞાન

આપણને અહીં જ્ઞાન મળે ને, આત્મજ્ઞાન, તે પછી અંશ કેવળજ્ઞાન થાય પહેલું. પછી એ અંશ ધીમે ધીમે વધતા વધતા સર્વાંશ થાય.

અંશે અંશે મોક્ષ થતો જ જવાનો, એકદમ મોક્ષ થતો નથી. કેવળજ્ઞાનેય અંશે અંશે થતું જાય છે. કેવળજ્ઞાનેય એકદમ નથી ઝબકતું. એટલે આપણે જ્ઞાન આપ્યા પછી અંશે, બે અંશે કેવળજ્ઞાનમાં અંશો ઉત્પન્ન થાય છે જ. એ અંશ કેવળજ્ઞાન કહેવાય છે.

જેટલા અંશે આત્મસ્વભાવ પ્રગટ થતો જાય તેટલા અંશે કેવળજ્ઞાન પ્રગટ થતું જાય. અમુક ભાગ આવ્યા પછી, ત્યાર પછી સર્વાંશે થાય. સર્વાંશે આત્મસ્વભાવ પ્રગટ થાય ત્યારે સર્વાંશે કેવળજ્ઞાન કહેવાય. એટલે એબ્સૉલ્યૂટ થાય. એબ્સૉલ્યૂટ કેવળજ્ઞાન એ પરમાત્મ પદ છે.

પેલું આંશિક જ્ઞાન એ આંશિક કેવળજ્ઞાન કહેવાય. ત્રણસો છપ્પન ડિગ્રી કે ત્રણસો પાંચ ડિગ્રી એ આંશિક કેવળજ્ઞાન પણ ઉત્પન્ન થાય. મને ત્રણસો છપ્પન અંશે કેવળજ્ઞાન થયેલું છે, ચાર અંશે બાકી છે. અને જેટલું દેખાય છે એટલા કેવળજ્ઞાનના અંશ મને દેખાય છે.

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાન પણ આંશિક હોય ખરું ?

**દાદાશ્રી :** આંશિક એટલે ખરેખર કેવળજ્ઞાન હોતું નથી. આંશિક જ્ઞાન કહીને એને એમ બતાડવામાં આવે છે કે આ માર્ગ કેવળજ્ઞાન તરફ જ જઈ રહ્યો છે.

આ જ્ઞાન મળ્યું ને આજ્ઞા પાળો છો, ત્યારથી કેવળજ્ઞાનના અંશો ભેગા થવાની શરૂઆત થઈ જાય છે. પછી બે અંશ, ચાર અંશ એમ કરતા કરતા ત્રણસો સાઈઠ અંશ પૂરા થાય, ત્યારે કેવળજ્ઞાન થાય. ત્રણસો છપ્પન અંશ મને રહ્યું. આ તમને અંશો ભેગા થતા થતા ત્રણસો છપ્પન અંશ સુધી જશે ને ! રિયલ વ્યૂ પોઈન્ટ અને રિલેટિવ વ્યૂ પોઈન્ટ એ ભાવમાં નિરંતર રહે તે કેવળજ્ઞાન. એ ભાવ પૂરો થયે સંપૂર્ણ કેવળજ્ઞાન થાય.

## આત્મજ્ઞાન ને આજ્ઞાએ પમાશે કેવળજ્ઞાન

તમારે હજી મારી આજ્ઞા પાળવાની છે. જેટલી આજ્ઞા પાળો તેટલા કેવળજ્ઞાન સ્વરૂપ થાઓ.

આ પાંચ વાક્યો જ એ કેવળજ્ઞાનના યથાર્થ સાધનો છે. એ સાધનોથી કામ લીધું કે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. આ સંસાર નડતો નથી. આ પાંચ વાક્યો ને સંસારને લેવાદેવા નથી.

આત્મજ્ઞાન અને જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે વર્તાય એટલે પછી કેવળજ્ઞાન થાય. કેવળજ્ઞાન પામવું એ જ્ઞાની મળે પછી કંઈ બહુ છેટું નથી, નહીં તો કરોડો વર્ષે, કરોડો અવતારેય નથી થાય એવું.

**પ્રશ્નકર્તા :** કૃપાળુદેવની બૂકમાં વાંચ્યું હતું કે સત્સંગ કરશો તો કેવળજ્ઞાન નજીક છે.

**દાદાશ્રી :** એ ખરું કહેવાય, સાચું લખ્યું છે. આપણે કેવળજ્ઞાનની બહુ ઉતાવળ ના કરવી. આજે છે તે રૌદ્રધ્યાન-આર્તધ્યાન ના થાય એની ઉતાવળ કરવી.

**પ્રશ્નકર્તા :** અત્યારે જે જરૂરી હોય તે જ પહેલા કરાય ને ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાન તો એની મેળે સામું આવે છે. એને લેવા જવું પડતું નથી.

## શરૂઆત શુદ્ધાત્માથી, પૂર્ણ થાય પરમાત્મા પદે

પહેલું છે તે શુદ્ધાત્મા અને જે પરમાત્મા છે તે જાતે ખુદ, રિયલ વસ્તુ છે. એ સ્ટેશન જુદું છે અને શુદ્ધાત્મા સ્ટેશન જુદું છે. શુદ્ધાત્મા એ તો વસ્તુ સ્વરૂપનું પહેલામાં પહેલું 'પરું' છે. પછી એવા કેટલાય 'પરાં' આવે, ત્યારે પછી મૂળ સ્ટેશન આવે. જેમ જેમ અનુભવ વધતા જાય ને, તેમ તેમ 'પરું' આગળનું આવતું જાય, સ્ટેશન બદલાતું જાય. આ પહેલા સ્ટેશને તમને ઉતારી પાડ્યા છે, મોક્ષની બાઉન્ડ્રીમાં. શુદ્ધાત્મા એ પહેલું સ્ટેશન, ત્યાંથી સેન્ટ્રલ સ્ટેશન તરફ જાય, ત્યારે પછી છેલ્લું સ્ટેશન આવે.

અહીં પેઠેલો જાગૃતિમાં રહ્યા કરે. જાગૃતિ નામનું પદ ઊભું થઈ જાય. પોતે પોતાના દોષ દેખતા થાય, બધી જાગૃતિ ઉદયાકાર ના થાય. ઉદયનો વાંધો નહીં, ઉદયાકાર થાય તેનો વાંધો છે. ઉદય તો જ્ઞાનીનેય હોય અને અજ્ઞાનીનેય હોય.

**પ્રશ્નકર્તા :** કો'ક વખત સ્વ-પરની જાગૃતિ રહે ત્યારે નિર્મળતાનો અંશ આવી જાય.

**દાદાશ્રી :** એ આગળના બીજા સ્ટેશને પહોંચવાની તૈયારીઓ. એનાથીય આગળ જવું પડશે. એ ખરો મોક્ષનો પુરુષાર્થ જ ત્યારથી શરૂ થાય છે.

જ્ઞાની પુરુષના પાસેથી આત્મજ્ઞાન જે સમજમાં આવી ગયું, એનાથી પરાં શરૂ થઈ જાય. બાકી સાધુઓ બોલે 'શુદ્ધાત્મા', તો કશું વળે નહીં. અનંત અવતાર સુધી ગા ગા કરે, તોય કશું વળે નહીં. શુદ્ધાત્માનું ભાન થવું જોઈએ અને 'હું ચંદુલાલ છું' એ ભાન છૂટી જવું જોઈએ.

## જ્ઞાનવિધિ : આ કાળમાં ઐશ્વર્ય પ્રગટ્યું

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાનવિધિ છે એ આપે બનાવેલી છે ?

**દાદાશ્રી :** એ ઉદયમાં આવેલી છે. આ અમારું ઐશ્વર્ય છે, એ પ્રગટ થયેલું છે.

**પ્રશ્નકર્તા :** એની અંદર ગજબની શક્તિ છે !

**દાદાશ્રી :** એક્ઝેક્ટ કેવળજ્ઞાન ! આખી જ્ઞાનવિધિ કેવળજ્ઞાન છે ! આ મારી શક્તિ નથી, ઐશ્વર્ય પ્રગટ થયું છે. બે કલાકમાં (કારણ) મોક્ષ આપે એવું ઐશ્વર્ય ! દાદાની જ્ઞાનવિધિ થાય તેનો મોક્ષ થઈ જાય, આત્મજ્ઞાન થઈ જાય. નહીં તો લાખ અવતારેય ઠેકાણું ના પડે.

આ જ્ઞાન ભેદવિજ્ઞાન છે. એ તો મતિજ્ઞાનની ટૉપ ઉપરનું જ્ઞાન છે અને સો ટકા મતિજ્ઞાન એ કેવળજ્ઞાન કહેવાય. એટલે આ લગભગ છન્નું ઉપર સતાણું ટકા હોય છે એટલે એ ભેદવિજ્ઞાન કહેવાય અને સો ટકા એ કેવળજ્ઞાન કહેવાય.

**પ્રશ્નકર્તા :** તો પછી ભેદજ્ઞાન એ સર્વસ્વ જ્ઞાન એમ કહેવાય ?

**દાદાશ્રી :** ભેદજ્ઞાન એ જ સર્વસ્વ જ્ઞાન અને એ જ કેવળજ્ઞાનનું મોંબારું છે ! એટલે બિલકુલ શુદ્ધ જ્ઞાન એ જ પરમાત્મા છે, બીજું કશું નહીં. દેહધારીરૂપે આવું શરીર પરમાત્માને હોતું નથી, એ નિર્દેહી છે. શુદ્ધ જ્ઞાન સ્વરૂપ છે, કેવળજ્ઞાન સ્વરૂપે છે. એ બીજા સ્વરૂપમાં છે જ નહીં.

ભગવાને તેથી કહેલું કે આત્મજ્ઞાન જાણો. આત્મજ્ઞાન અને 'કેવળજ્ઞાન'માં બહુ લાંબો ફેર જ નથી. આત્મજ્ઞાન જાણ્યું એ 'કારણ કેવળજ્ઞાન' છે ને પેલું 'કાર્ય કેવળજ્ઞાન' છે !

મેં જે જ્ઞાન આપ્યું, તે તમને દર્શનમાં પરિણામ પામ્યું. હવે જ્ઞાન છે તે અમારી જોડે બેસશો તેમ તેમ તેટલા અંશે વધતું જશે, તેમ શુદ્ધ ઉપયોગ ઉત્પન્ન થશે. જેટલો શુદ્ધ ઉપયોગ ઉત્પન્ન થયો એટલું જ્ઞાન છે. એ શુદ્ધ ઉપયોગ સંપૂર્ણ વર્ત્યો નિરંતર, એનું નામ કેવળજ્ઞાન ! સંપૂર્ણ શુદ્ધ ઉપયોગ તે કેવળજ્ઞાન કહ્યું છે. એને શુદ્ધ

ઉપયોગમાંથી કેવળજ્ઞાનના બીજ રોપાયા, અંશ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એ સર્વાંશ થતા ટાઈમ લાગે, સૌ-સૌના પુરુષાર્થ પ્રમાણે. જે અમારી આજ્ઞામાં રહે એને સંપૂર્ણ શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે.

## હવે અંતિમ લક્ષ કેવળજ્ઞાન સ્વરૂપ

અમે જ્ઞાન આપીએ છીએ તેની સાથે જ કહીએ છીએ કે હવે તને 'શુદ્ધાત્મા છું' એ લક્ષ બેઠું છે. માટે હવે તારાથી જે કંઈ કાર્ય થાય, સારું અગર નરસું તેનો માલિક તું નહીં, તું શુદ્ધ જ. પુણ્યનો ડાઘો પડવાનો નહીં અને પાપનોય ડાઘો પડવાનો નહીં. શુભનોય ડાઘો નહીં પડવાનો ને અશુભનો ડાઘો નહીં પડવાનો. માટે તું શુદ્ધ જ છું.

બાકી શુદ્ધાત્મા એ કંઈ પરમાત્મા નથી. શુદ્ધાત્મા તો પરમાત્માના યાર્ડમાં આવેલું સ્થાન છે. 'શુદ્ધાત્મા' તમને પદ કેમ આપવામાં આવ્યું છે ? એ જો કે પરમાત્માપદનું લક્ષ છે પણ કેમ આપવામાં આવ્યું છે તમને ? આ જે કંઈ ક્રિયા થાય તે સારા-ખોટાના યૂ આર નોટ રિસ્પોન્સિબલ (તમે જવાબદાર નથી), એવું શુદ્ધાત્મા પદ આપ્યું છે. તમે શુદ્ધ જ છો, સારા-ખોટાના રિસ્પોન્સિબલ તમે નથી એવું કહેવા માંગીએ છીએ.

શુદ્ધાત્મા એ શું છે કે આપણું સ્વરૂપ એ શુદ્ધ જ છે. કાટમાં પડે તોય કાટ અડે નહીં, ત્યાં સુધી અમે તમને લાવ્યા. શુદ્ધાત્મા પદ થયા પછી આગળ કેવળજ્ઞાન સ્વરૂપ રહે છે, તે છેલ્લું પદ છે. કેવળજ્ઞાન એબ્સૉલ્યૂટ, બીજું કશું છે જ નહીં. એબ્સૉલ્યૂટ જ્ઞાન સ્વરૂપે છે. પૂરું વર્તનમાં નથી પણ એ જ્ઞાન સ્વરૂપ કેવું હોય તે અમે જોયેલું હોય. બાકી શુદ્ધાત્મા એ તો પદ છે, એ સ્ટેશન (સ્થાન) છે, યાર્ડની અંદર આવેલું, છેલ્લા સ્ટેશનનું યાર્ડ.'

**પ્રશ્નકર્તા :** બરાબર છે, દાદા. શરૂઆતમાં અમારા માટે શુદ્ધાત્મા પદ, પછી આગળનું પદ કેવળજ્ઞાન સ્વરૂપ આવશે ?

**દાદાશ્રી :** આત્મા પોતે છેય કેવળજ્ઞાન સ્વરૂપ. પણ પહેલા ભ્રાંતિ ને એમાંથી કેવળજ્ઞાન સ્વરૂપે બહાર આવવું એ બહુ અઘરું છે. આત્માનો અનુભવ થયા પછી કેવળજ્ઞાન સ્વરૂપ સમજવું, એ જેમ જેમ આગળ જતો જાય, તેમ તેમ એને સમજાતું જાય. બોરીવલીના રસ્તા ઉપર તમે ગયેલા હોય અને કોઈ કહે કે આજ રસ્તે તમે સીધા બોરીવલી જશો તો બોરીવલી તમને દેખાય ખરું ? ના ! એ તો તમે પહોંચો ત્યારે તમને દેખાય. તમે આત્માના, કેવળજ્ઞાનના રસ્તા પર છો પણ કેવળજ્ઞાન દેખાય નહીં તમને. એ તો જ્ઞાનીને જ દેખાય, (જે)ના નજીકમાં છે, નજીકમાં આવેલા છે એ કેવળજ્ઞાન સ્વરૂપ. એ ત્રિકાળ સ્વભાવ છે.

જ્ઞાનનું સ્વરૂપ સમજ્યા પછી એકદમ પ્રવર્તનમાં ના આવે. સમજ્યા પછી ધીમે ધીમે સત્સંગથી જ્ઞાન-દર્શન વધતું જાય અને ત્યાર પછી પ્રવર્તનમાં આવતું જાય. પ્રવર્તનમાં આવે ત્યારે કેવળ આત્મ પ્રવર્તન, એનું નામ 'કેવળજ્ઞાન.' દર્શન-જ્ઞાન સિવાય અન્ય કોઈ પ્રવર્તન નહીં, એને 'કેવળજ્ઞાન' કહેવાય.

કેવળજ્ઞાન એટલે 'હું શુદ્ધાત્મા સિવાય બીજું કંઈ નહીં' તેવું શ્રદ્ધામાં આવે, જ્ઞાનમાં આવે ને વર્તનમાં આવે તે કેવળજ્ઞાન.

## તીર્થંકરના દર્શનથી ઊભી થાય છેલ્લી કક્ષા

**પ્રશ્નકર્તા :** આ બધા આપણા મહાત્માઓ જે છે, એ ઉપરની કક્ષાએ પહોંચી શકશે ને ?

**દાદાશ્રી :** એ તો જ્યારે-ત્યારે પહોંચે જ છૂટકો છે, બીજું કશું નહીં. આ કક્ષા ક્યારે મળે, કે તીર્થંકરને જુઓ ને દર્શન કરો કે તે કક્ષા થઈ જ જાય. ખાલી દર્શનથી જ કક્ષાઓ ઊભી થાય છે. ઉપરની કક્ષાઓ ખાલી દર્શનથી

જ, એમની સ્થિરતા જુએ, એમનો પ્રેમ જુએ, એટલે બધી ઊભી થઈ જાય. તે કંઈ શાસ્ત્રની બનાવેલી બનેલી નથી. આ તો જોવાથી જ થઈ જાય છે. હવે છેલ્લું, અત્યારે અહીં તીર્થંકર આવે તો તમને બધાને કેવળજ્ઞાન થઈ જાય. પણ એવું બને નહીં અને કેવળજ્ઞાન થાય નહીં, કારણ કે એવો કાળ છે નહીં. ચોથો આરો થાય નહીં ને દહાડો વળે નહીં.

**પ્રશ્નકર્તા :** ત્યાં સુધી બીજનો ચંદ્રમા થાય તોય ઘણું છે.

**દાદાશ્રી :** આ કાળમાં તો પણ ઘણું થઈ ગયું, આ તો અંશ જ બાકી રહ્યું છે. કારણ કે ચિંતા ના થાય તો એ કેવું કેવળજ્ઞાન થયું ? કેટલું બાકી હશે ?

**પ્રશ્નકર્તા :** અત્યારે દેહ હોવા છતાં આપણે મુક્તતા અનુભવતા હોઈએ તો મૃત્યુ પામ્યા પછી મોક્ષે જવાય ?

**દાદાશ્રી :** ના, આ કાળે આ ક્ષેત્રે મોક્ષે ના જાય અને સંપૂર્ણ મુક્તિ ના હોય. સંપૂર્ણ મુક્તિ કોને કહેવામાં આવે ? કેવળજ્ઞાનને. કેવળમાં અંશે બાકી હોય એટલી મુક્તિ ઓછી હોય. છતાં મુક્તપણે એનું સુખ તો એને પૂરું વર્તતું હોય. કેવળજ્ઞાન થયા પછી જ સંપૂર્ણ મુક્તિ કહેવાય.

**પ્રશ્નકર્તા :** એ ચાર અંશની પૂર્તિ માટે મહાવિદેહ ક્ષેત્રમાં જવું પડે કે અહીંયા થાય ?

**દાદાશ્રી :** ત્યાં જવું જ પડે ને ! મહાવિદેહ ક્ષેત્રમાં તો જવું પડશે. કારણ કે અહીંથી સીધું થાય એવું નથી. કારણ કે કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલો મનુષ્ય જોઈએ, એમના ખાલી દર્શનથી જ મુક્તિ !

**- જય સચ્ચિદાનંદ**

---

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના અડાલજમાં આગામી સત્સંગ કાર્યક્રમો

**૧૬ માર્ચ** (શનિ) સાંજે ૫ થી ૭ - **પ્રશ્નોત્તરી સત્સંગ** તથા **૧૭ માર્ચ** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૧૯ માર્ચ** (મંગળ) - **પૂજ્ય નીરુમાની ૧૮મી પુણ્યતિથિ પર વિશેષ કાર્યક્રમ**

**૨૨ થી ૨૬ મે - PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર** (વધુ વિગત આવતા અંકે)


**'દાદાવાણી' માસિકની માહિતી** - ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)

૧. **પ્રકાશનનું સ્થળ :** સીમંધર સીટી, મુ.પો.-અડાલજ, તા.-જિ. : ગાંધીનગર, પીન - ૩૮૨૪૨૧

૨. **પ્રકાશનનો સમય :** માસિક

૩. **મુદ્રકનું નામ :** અંબા મલ્ટિપ્રિન્ટ, **રાષ્ટ્રીયતા :** ભારતીય

**સરનામું :** એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ-પ્રતાપપુરા રોડ, છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯

૪. **પ્રકાશકનું નામ :** મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા **રાષ્ટ્રીયતા :** ભારતીય

**સરનામું :** સીમંધર સીટી, મુ.પો.-અડાલજ, તા.-જિ. : ગાંધીનગર, પીન - ૩૮૨૪૨૧

૫. **તંત્રીનું નામ :** ડિમ્પલ મહેતા **રાષ્ટ્રીયતા :** ભારતીય **સરનામું :** ઉપર મુજબ. (નં-૪ પ્રમાણે)

૬. **માલિકોના નામ :** મહાવિદેહ ફાઉન્ડેશન **રાષ્ટ્રીયતા :** ભારતીય **સરનામું :** ઉપર મુજબ. (નં-૪ પ્રમાણે)

હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧-૩-૨૦૨૪, અડાલજ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા

(પ્રકાશકની સહી)

## અડાલજ : પરિણીત બહેનોની શિબિર : તા.૧૭ થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૪



## અડાલજ : પરિણીત ભાઈઓની શિબિર : તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૨૪


















## અડાલજ ત્રિમંદિર સંકુલ : ફૂડમેલા : તા. ૪ ફેબ્રુઆરી ૨૦૨૪











માર્ચ ૨૦૨૪
વર્ષ-૨૯, અંક-૭
સળંગ અંક-૩૪૩

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95 Reg. no. G-GNR-347
valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## જ્ઞાતા-દ્રષ્ટા રહ્યા એ જ પોતાનો સ્વભાવ

જ્ઞાન અને અજ્ઞાનનો ભેદ કરે એ જ પુરુષાર્થ. તમે શુદ્ધાત્મામાં રહો, શુક્લધ્યાનમાં તે પુરુષાર્થ. કો'ક તમને અપમાન કરતો હોય ત્યારે તો તમને એમ લાગે છે કે આ આવું કરી રહ્યો છે. 'એ કરી રહ્યો છે' એવું માનો છો, એ તમારી સમજણમાં ભૂલ છે. એય શુદ્ધાત્મા છે અને એ કરે છે એ તો બધું ઉદયકર્મના આધીન કરે છે, એ પોતે કરતો નથી. સહુ સહુના ઉદયકર્મો સામસામી વ્યવહાર પતાવી દે. આપણે જોયા કરવાનું કે આ બે પુદ્ગલો શું લઢબાજી કરે છે! આને જે જુએ છે એ પુરુષાર્થ છે. એટલે તમે જ્ઞાતા-દ્રષ્ટા રહ્યા એટલે છેલ્લું જે જ્ઞાન-અજ્ઞાન ભિન્ન ભેદાયા પછી જુદું રહે છે, એ પોતાનો સ્વભાવ. પછી સ્વભાવમાં આવી ગયો. એમ કરતાં કરતાં નિવેડો આવશે.

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.